Tuesday 03, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

SBPP બેંકનું ટર્નઓવર રૂા. ૨,૦૦૦ કરોડને પાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : SBPP કો-ઓપરેટિવ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વ્યવસાયિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તા.૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બેંકે પ્રથમ વખત કુલ વ્યવસાયનો આંકડો રૂા. ૨,૦૦૦ કરોડને પાર કર્યો છે. બેંકની કુલ ડિપોઝિટ રૂા. ૧,૨૨૦ કરોડથી વધુ અને કુલ ધિરાણ રૂા. ૭૮૦.૬૩ કરોડથી વધુ થયું છે. આ સિદ્ધિથી બેંકની નાણાકીય સધ્ધરતા, કાર્યક્ષમ સંચાલન અને સભાસદો તથા ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પ્રતીક બની છે. વર્તમાન પડકારજનક આર્થિક પરિસ્થિતિમાં પણ વલસાડ જિલ્લામાં માત્ર ૧૧ શાખાઓ ધરાવતી આ બેંકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી સભાસદોને નિયમિત રીતે ૨૦ ટકા ડિવિડન્ડ ચૂકવીને બેંકે પોતાની મજબૂત નાણાકીય સ્થિતિનો પરિચય આપ્યો છે

ઉલ્લેખનીય છે કે બેંકને SCOBA પ્રાઇડ એવોર્ડ્સમાં બે કેટેગરીમાં સન્માન પણ પ્રાપ્ત થઈ ચૂક્યા છે.

બેંકની આ સિદ્ધિ અંગે આનંદ વ્યક્ત કરતાં બેંકના કસ્ટોડિયન શ્રી રાજેશભાઈ જી. રાણાએ જણાવ્યું હતું કે, 'આ સફળતા અમારા સભાસદો અને ગ્રાહકોના વિશ્વાસ તથા બેંકની સમગ્ર ટીમની નિષ્ઠા અને મહેનતનું પરિણામ છે. અમે આ પ્રગતિને વધુ આગળ વધારવા અને અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છીએ. તેમણે બેંકની પ્રગતિમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના યોગદાનનો પણ તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

અને SBPP કો-ઓપરેટિવ બેંક આગામી સમયમાં પણ પોતાની પ્રગતિની યાત્રાને વધુ વેગ આપવા, વ્યવસાયનો વ્યાપ વધારવા, આધુનિક ટેકનોલોજી અપનાવવા અને ગ્રાહકોને વધુ સારી તથા સુવિધાજનક બેંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ હોવાની ખાતરી પણ ઉચ્ચારી હતી.



આજે મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો વલસાડ, નવસારી જિલ્લાના આંગણે અનેક વિકાસકાર્યોના લોકાર્પણ કરશે.

(વધુ અહેવાલ વાચો પા.નં. ૮ પર)

ડીવાયએસપી બી.એન. દવેની જાહેર જનતાને અપીલ

દિવાળીમાં બહાર જવાના હોવ તો પોલીસને જાણ કરો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : દિવાળીના તહેવારો દરમિયાન મોટાભાગના પરિવારો વતનમાં કે ફરવા માટે ઘર બંધ કરીને બહારગામ જતા હોય છે. ત્યારે આ તકનો લાભ ચોર ટોળકીઓ ઉઠાવતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખી વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેએ નાગરિકોને અપીલ કરી છે અને કેટલીક તકેદારી રાખવા જણાવ્યું છે. ડીવાયએસપી બી.એન. દવેએ જણાવ્યું હતું કે, દિવાળી વેકેશનમાં ઘર બંધ કરીને જાઓ ત્યારે તમારા વિશ્વાસુ પાડોશીને અને સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરો. ઘરમાં વધુ રોકડ રકમ કે કિંમતી દાગીના રાખવાનું ટાળો, લોકર કે બેંકમાં સુરક્ષિત રાખો.ઘરના તમામ દરવાજા, બારીઓ અને તાળા વ્યવસ્થિત રીતે ચેક કરીને બંધ કરો. શક્ય હોય તો સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી એલાર્મ સિસ્ટમ ચાલુ રાખો. સોશિયલ મીડિયા પર 'અમે બહારગામ જઈ રહ્યા છીએ' કે હાલના લોકેશન સાથેના ફોટા પોસ્ટ કરવાનું ટાળો. અજાણી વ્યક્તિ ઘરની આસપાસ ફરતી દેખાય તો તુરંત ૧૦૦ નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો. સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડને સૂચના આપી, પોલીસ તંત્ર પણ તહેવાર દરમિયાન રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવશે. નાગરિકો થોડી તકેદારી રાખશે તો ચોરી જેવા બનાવો અટકાવી શકાશે અને દિવાળીના તહેવારો શાંતિપૂર્ણ રીતે માણી શકાશે, તેમ ડીવાય એસપી દવેએ અંતમાં ઉમેર્યું હતું.







ડાંગની 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડ સાથે રૂા.૬૯.૧૦ લાખની ઠગાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૨ : દેશનું નામ રોશન કરનાર ડાંગ જિલ્લાની ગૌરવવંતી એથ્લીટ અને 'ગોલ્ડન ગર્લ' તરીકે ખ્યાતિ પામેલી સરિતા ગાયકવાડ એક મોટી નાણાંકીય છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રેતીના વેપારમાં ઊંચા વળતરની લાલચ આપીને તેમની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવવામાં આવી છે. આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો, વર્ષ ૨૦૨૪ દરમિયાન આહવા તાલુકાનાં ગાઢવી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ અને મિત્ર જીતેન્દ્રભાઈના માધ્યમથી સરિતાબેનની ઓળખાણ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના બોરખડી ગામના રહેવાસી નિતિનભાઈ બાબુભાઈ ભારતી સાથે થઈ હતી. આરોપી નિતિનભાઈએ પોતાની પાસે કરોડો રૂપિયાનો રેતીનો વેપાર હોવાનું ચિત્ર ઊભું કરીને સરિતાબેન ગાયકવાડને આ વ્યવસાયમાં નાણાં રોકવા માટે ભારે પ્રોત્સાહિત કર્યા હતાં. આરોપીએ એવુ પ્રલોભન આપ્યુ હતું કે જો તેઓ રેતીના વેપારમાં રોકાણ કરશે તો તેમને દર મહિને ચાર ટકા નફો મળશે અને માત્ર એક વર્ષની અંદર જ તેમની મૂળ રકમ પરત મળી જશે. આ લોભામણી ઓફરના પગલે વિશ્વાસમાં આવીને સરિતાબેને ફોન-પે તેમજ અલગ-અલગ બેંક ખાતાઓ દ્વારા નિતિનભાઈને કુલ રૂા. ૬૯,૧૦,૦૫૬ જેટલી મોટી રકમ ટ્રાન્સફર કરી હતી. પરંતુ સોદાબાજી કે વચન મુજબ ન તો નિયમિત રીતે દર મહિને ચાર ટકા નફો મળ્યો કે ન તો સમયસર રકમ પરત મળી. જેથી સરિતાબેન ગાયકવાડે જ્યારે પોતાના નાણાંની વારંવાર માંગણી કરી, ત્યારે નિતિનભાઈ દ્વારા માત્ર ખોટા વાયદાઓ જ આપવામાં આવ્યા હતાં. અત્યાર સુધીના વ્યવહારમાં સરિતાબેનને પરત રકમ તરીકે માત્ર રૂ. ૭૯ હજાર, ફોન-પે દ્વારા રૂા. ૩૫ હજાર અને રોકડા રૂા.૫૦ હજાર મળીને કુલ રૂા. ૧.૮૦ લાખ જ પરત મળ્યા છે, જ્યારે બાકીના રૂા. ૬૭,૩૦,૦૫૬ હજુ સુધી મળ્યા નથી. એટલું જ નહીં, આરોપીએ વોટ્સએપ પર રૂા.૩૦ લાખના ચેકનો ફોટો મોકલીને રૂબરૂ ચેક આપવાની ખાતરી આપી હતી, પરંતુ આજ દિન સુધી ન તો મૂળ ચેક આપવામાં આવ્યો કે ન તો છેલ્લા બે મહિનાથી ફોન રીસીવ કરવામાં આવ્યો. આ સમગ્ર મામલે કંટાળીને સરિતા ગાયકવાડે આહવા એસ.ઓ.જી. શાખા સમક્ષ હાજર થઈને ફરી એકવાર વિગતવાર નિવેદન નોંધાવ્યું છે. તેમણે નિતિનભાઈ બાબુભાઈ ભારતી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગંભીર આક્ષેપ કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની તેમજ પોતાની ફસાયેલી બાકી રકમ વહેલી તકે પરત અપાવવાની ઉગ્ર માંગણી કરી છે. એશિયન ગેમ્સમાં દેશ માટે ગૌરવ અપાવનાર અને ખુદ નાયબ પોલીસ અધિક્ષકનાં હોદા પર ફરજ બજાવતા ખેલાડી સાથે થયેલી આ નાણાકીય ઠગાઈના કેસમાં હવે પોલીસ તપાસમાં શું બહાર આવે છે તે તો આવનાર સમયમાં જોવુ જ રહયું.

ગણદેવી ન.પા. દ્વારા 'સ્વદેશી મેળો'નો શુભારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૦૨ : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (ગુજરાત શહેરી આજીવિકા મિશન - GULM) અંતર્ગત ગણદેવી નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનો તેમજ કુશળ કારીગરોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ઉદ્યોગોની સમૃદ્ધિ વધારવાના શુભ હેતુથી ભવ્ય 'સ્વદેશી મેળો' શરૂ કરવામાં આવ્યો છે. 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર સખી, હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના મંત્રને ચરિતાર્થ કરતો આ મેળો ૦૧/૧૧/૨૦૨૬ થી ૦૭/૧૧/૨૦૨૬ સુધી ગણદેવી નગરપાલિકાની બાજુમાં આવેલ બ્લોક હેલ્થ સેન્ટર ખાતે યોજાઈ રહ્યો છે.



આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગણદેવી નગરપાલિકાના પ્રમુખ અનિતાબેન ભંડારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે નિમંત્રક અને પદાધિકારીઓ તરીકે ઉપપ્રમુખ રાજેશકુમાર પટેલ,કારોબારી ચેરમેન પિનાકીન પંડ્યા, ચીફ ઓફિસર પ્રાચી દોશી, શાસકપક્ષના નેતા કેયુર વશી, દંડક જયલક્ષ્મી ગાજુલ, મનોરંજન, રમત-ગમત અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન નિશાબેન સોલંકી, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન પ્રિયંકાબેન હળપતિ તેમજ સમસ્ત નગરપાલિકા સભ્યો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. મેળામાં વિવિધ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હોય નગરજનોને તેનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

ગણદેવી સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા સ્નેહભોજન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૦૨ : ગણદેવી સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા ન્યૂ જર્સીના અલ્બર્ટ પેલેસ ખાતે ૧૭મા દીપાવલી ભંડોળ એકત્રીકરણ સ્નેહભોજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહનો મુખ્ય હેતુ ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવી અને આસપાસનાં ગામોમાં જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ, આરોગ્ય સેવાઓ તથા આપત્તિના સમયે સહાય માટે ભંડોળ એકત્ર કરવાનો હતો. વિજય ચોકશી અને નયના સેઠનાના નેતૃત્વ હેઠળ ગણદેવી સેવા સમાજની સમગ્ર ટીમના સમર્પણ, પરસ્પર સંકલન અને સામૂહિક પ્રયાસોથી આયોજન સફળ બન્યું હતું. સમારોહને યાદગાર બનાવવામાં નરેન્દ્ર પરીખ, જીવન પટેલ, વિષ્ણુ પટેલ, આનંદ પટેલ, ખુશબૂ રેસ્ટોરન્ટના નિક કાપડિયા, મહેશ દુબલ, રોહિત શાહ, અતુલ નાયક, ડૉ. રમેશ ઝવેરી અને ડૉ. બંકિમ શાહનો પણ વિશેષ સહયોગ રહ્યો હતો. આ સમારોહ વિદેશમાં વસતા ભારતીય સમાજની એકતા અને જન્મભૂમિ પ્રત્યેના સમર્પણનું સુંદર ઉદાહરણ બન્યો હતો. દાતાઓ, સહયોગીઓ અને કાર્યકરોના યોગદાનથી ગણદેવી તથા આસપાસનાં ગામોમાં સેવાપ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાના સંકલ્પને નવી ઊર્જા મળી હતી.

બીલીમોરામાં રાણા સમાજ દ્વારા 'રંગોળી હરીફાઈ-૨૦૨૬' યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૨ : શ્રી બીલીમોરા રાણા સમાજ દ્વારા આયોજિત મારી રંગોળી મારું ગૌરવ રંગોળી હરીફાઈ-૨૦૨૬ની સ્પર્ધા રાણા સમાજની વાડીમાં રવિવારે યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહીને પોતાનું અલગ કૌશલ્ય દાખવ્યું હતું. સ્પર્ધાના અંતે વિવિધ કેટેગરીના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે, જેમાં આર્ટિસ્ટ ગ્રુપમાં પ્રથમ ક્રમે બ્રીજલ રાજેશભાઈ રાણા, દ્વિતીય ક્રમે મેહુલભાઈ રાણાએ બાજી મારી છે. ફ્રી હેન્ડ કેટેગરીમાં ફાલ્ગુનીબેન હિરેનભાઈ રાણા પ્રથમ, પૂજાબેન હેમંતભાઈ રાણા દ્વિતીય અને અલ્પિતાબેન ધવલભાઈ રાણા તૃતીય સ્થાને રહ્યા છે, જ્યારે મીંડાવાળા સાથીયા કેટેગરીમાં અંજલીબેન પ્રવીણભાઈ રાણા પ્રથમ અને માલતીબેન રમેશભાઈ રાણા દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયા છે. સમાજ દ્વારા તમામ વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



દિક્ષિતાબેન ચિરાગભાઈ રાણા અને તૃતીય ક્રમે પિન્કીબેન

બીલીમોરા, નવસારી સહિતના શ્રદ્ધાળુઓ નિરંકારી સંત સમાગમમાંથી પરત ફર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૦૨ : પ્રેમ, સેવા, સમર્પણ અને સત્ય જ્ઞાનથી ઓતપ્રોત ૭૯મો નિરંકારી સંત સમાગમ સફળતાપૂર્વક સંપન્ન થયો, જેમાં ચારેય દિવસ સતત સમાગમના મુખ્ય વિષય 'જાગૃતિ' પર આધારિત સંદેશ આપવામાં આવ્યો.

સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને આદરણીય નિરંકારી રાજપિતા રમિત જીની પાવન છત્રાછાયા હેઠળ હરિયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળે ૬૫૦ એકરના વિશાળ મેદાન પર ૨૩ ઓક્ટોબરથી શરૂ થયેલા સંત સમાગમમાં સમગ્ર ભારતવર્ષ તથા વિદેશોના લાખો ભક્તો સહિત દાંતી, ડુંગરી, બીલીમોરા, નવસારી વિસ્તારના હજારો શ્રદ્ધાળુ ભક્તોએ આધ્યાત્મિક જાગૃતિની અવિરલ સરિતામાં ડુબકી લગાવીને અનોખા આનંદનો લાભ મેળવ્યો.

સેવાદાર ભક્તોએ સમાગમમાં સેવાદળ રેલી, નિરંકારી પ્રદર્શન, રેલ્વે કાઉન્ટર, પ્રેસ અને પબ્લિસિટી, પ્રચાર વિભાગ, જ્ઞાન કક્ષ વગેરે સ્થાનો પર પોતાની સેવાઓ આપી. દાંતી, ડુંગરી, બીલીમોરા, નવસારીથી ગયેલા નિરંકારી ભક્તો સત્ગુરુના આશીર્વચનોના રૂપમાં પ્રાપ્ત દિવ્ય શિક્ષાઓ અને આનંદ સમેટીને બુધવારે પરત ફર્યા. સમાગમમાં હરિયાણાના માનનીય મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની એ પણ સત્ગુરુના પાવન આશીર્વાદ મેળવ્યા, તો બીજી તરફ અનેક પાર્ષદો, વિધાયકો, સાંસદોએ પણ સત્ગુરુ માતા સુદીક્ષા મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીના પાવન દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે ચિશ્તી ફાઉન્ડેશન દ્વારા સત્ગુરુ માતા સુદીક્ષા મહારાજને ગ્લોબલ પીસ અવૉર્ડથી સન્માનિત પણ કરવામાં આવ્યા.

ડાંગ જિલ્લામાં વિવિધ જળાશયોમાં પ્રવેશ પ્રતિબંધ મુકાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૦૨ : તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જિલ્લાઓમાં આવેલા જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલા વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવી હોય, સરકારના ગૃહ વિભાગના પત્ર અન્વયે જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે નહિ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા સુચના આપવામાં આવી છે. જેથી ડાંગ જિલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ -તિબંધ ફરમાવતું જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મળેલી સત્તાની રુએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એચ.એમ. જણકાટ (જી.એ.એસ.) એ પ્રસિધ્ધ કર્યુ છે. જાહેરનામામાં જણાવાયુ છે કે, તાજેતરમાં રાજ્યમાં જુદા-જુદા જિલ્લાઓમાં આવેલા જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલા વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઈ, જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા ભયજનક સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશે નહિ તે માટે ડાંગ જિલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશવા સહિતની તમામ પ્રવૃતિઓ ઉપર તા. ૨૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

જે અંગે ફરિયાદ કરવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

વાલોટીની શ્રીજી ઈંગ્લિશ મીડી.નો આંતરશાળા મોડેલ યુનાઇટેડ નેશન કોન્ફરન્સ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૦૨ : ગણદેવી તાલુકાના વલોટી ગામે આવેલ શ્રીજી ઈંગ્લીશ મીડીયમ સ્વામિનારાયણ સ્કૂલ માં શ્રી શ્રીજી મોડેલ યુનાઈટેડ નેશનલ નો સતત ચોથા વર્ષે આંતરશાળા મોડેલ યુનાઈટેડ નેશન કોન્ફરન્સ નો કાર્યક્રમનું આયોજન કરાતા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં નૈતિકતા નેતૃત્વ અને ભાઈચારાની એકતા ની ભવના કેળવાય એવા ઉપદેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોવાનું મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી શ્રી હરિ સેવકદાસજીએ તેમજ સંચાલક મંડળના વી બી નાયક જણાવ્યું હતું કાર્યક્રમના સવારના સમારોહના મુખ્ય મહેમાન તરીકે પત્રકાર પરેશભાઈ અધરી અને સમાપન પારિતોષિત વિતરણ સમારોહના મુખ્ય મહેમાન તરીકે સુરતની મોનાર્ક ઇન્ટરનેશનલ સ્કૂલના આચાર્ય સજીવન પધાર્યા હતા આ કોન્ફરન્સમાં વિદ્યાર્થીઓએ વૈશ્વિક સમસ્યાઓને ચર્ચાનો વિષય લીધો હતો. પાંચ સમિતિઓને વિશ્વની વર્તમાન પરિસ્થિતિને લગતા અલગ-અલગ મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ અને પડકાર ઉપર આધારિત વિષય આપવામાં આવ્યા હતા વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ પણ પ્રતિનિધિ તરીકે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો વિદ્યાર્થીઓ નેતૃત્વના ગુણો ખીલે આત્મવિશ્વાસ સંવાદ કૌશલ્ય અને સમસ્યાઓના ઉકેલ શોધવાની ક્ષમતાનો વિકાસ થાય તે હેતુથી યોજાયેલ આ કોન્ફરન્સ ખૂબ જ સફર રહી હોનું આચાર્ય જણાવ્યું હતું એસ એસ એમ યુ એન એક ભવ્ય અને સફળ આયોજન સાબિત થયું હતું શાળાના શિક્ષકો શિક્ષિકાઓ અને નેતૃત્વ સભર તા ધરાવતા વિદ્યાર્થીઓએ ઉત્સવ પૂર્વક ભાગ લીધો હતો. આગામી દિવસમાં સુરત ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સ પણ શાળાના નવ વિદ્યાર્થીઓ ભાગ લેશે છેલ્લા ચાર વર્ષોથી સતત યોજાતી આ કોન્ફરન્સના ફળ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં ચોક્કસ પ્રકારની ગુણવત્તા વિકસી હોવાનું સ્વામી શ્રી હરી સેવકદાસજીએ આભાર વ્યક્ત કર્યો હતો.

બીલીમોરાની પ્રેક્ષા પટેલ જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધામાં ઝળકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૨ : 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત યોજાયેલી રંગોળી સ્પર્ધામાં બીલીમોરા સ્થિત બ્રાઇટ સ્ટાર ઇન્ટરનેશનલ સ્કૂલની ધોરણ-૯ની વિદ્યાર્થીની પ્રેક્ષા એસ. પટેલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા સમગ્ર નવસારી જિલ્લાનું નામ રોશન કર્યું છે. પ્રેક્ષાએ આઝાદીના ૧૦૦ વર્ષ પછી - ૨૦૪૭માં ભારત કેવું હશે? વિષય પર માત્ર પ્રાકૃતિક તત્વોનો કલાત્મક ઉપયોગ કરીને આકર્ષક રંગોળી તૈયાર કરી હતી, જેને નવસારી જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. આ સિદ્ધિ બાદ રાજ્ય કક્ષાના પ્રદર્શન અર્થે તેની કૃતિ અમદાવાદ મોકલવામાં આવી હતી, જ્યાં ગુજરાતના તમામ જિલ્લાઓની શ્રેષ્ઠ કૃતિઓ વચ્ચે પ્રેક્ષાની રંગોળી મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. વિદ્યાર્થીનીની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે બીલીમોરા નગરપાલિકા દ્વારા પ્રેક્ષા પટેલનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફેન્ડ્સ ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. સૂર્યકાંત પટેલ, મંત્રી નીના મહેતા, ખજાનચી મનીષ દેસાઈ તેમજ ટ્રસ્ટીઓ જયશ્રીબેન દેસાઈ, પ્રથમેશ વશી અને અશોક ભટ્ટે પ્રેક્ષા, તેના પરિવારજનો તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્યની મનોકામના કરી હતી.



ડાંગમાં દિવાળી અને તહેવારોમાં ફટાકડાના વેચાણ અને ઉપયોગ અંગે માર્ગદર્શિકા જાહેર

આહવા, તા. ૦૨ : દિવાળી તથા અન્ય તહેવારો દરમિયાન ફટાકડાં ફોડતી વખતે આગના બનાવો, અકસ્માતો, ધ્વનિ અને વાયુ -દૂષણને અટકાવવા તેમજ જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે હેતુથી ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફટાકડાંના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એચ.એમ. જણકાટ (જી.એ.એસ.) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરવામાં આવેલા આદેશ અનુસાર, સમગ્ર ડાંગ જિલ્લામાં નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે.આ જાહેરનામું તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૬ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ -૨૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૩-૧૧-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** કારતક વદ નોમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૯ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૬, **ચંદ્રોદય** - ૦૧:૦૭ **ચંદ્રાસ્ત** - ૦૨:૧૬ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - મઘા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજનો દિવસ તમારા માટે આર્થિક દ્રષ્ટિએ સંતોષજનક અને પ્રગતિશીલ રહેશે. કાર્યસ્થળે તમારા અટકેલા કામો પૂર્ણ થવાના યોગ છે અને વેપારમાં પણ નવી તકો મળી શકે છે.

વૃષભ (બ, વ, ઉ) : તમારા માટે આજનો દિવસ ઉત્તમ સાબિત થશે. ભાગ્યોદયની નવી તકો મળી શકે છે તેમજ મિત્રો કે સ્નેહીજનો સાથે મિલન-મુલાકાત કે પ્રવાસના સુંદર યોગો બની રહ્યા છે.

મિથુન (ક, ઘ, ચ) : આજે પરિવાર તરફથી કોઈ સારા કે શુભ સમાચાર મળવાથી તમારું મન પ્રફુલ્લિત રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી જવાબદારીઓમાં વધારો થઈ શકે છે.

કર્ક (ડ, હ) : આજે તમારા ગૃહજીવન અને પારિવારિક કાર્યો સરળતાથી પૂર્ણ થતા જણાશે. મિલન-મુલાકાત અને પ્રવાસના સુખદ પ્રસંગોથી મન આનંદિત રહેશે.

સિંહ (મ, ટ) : ચંદ્ર આજે તમારી જ રાશિમાં ભ્રમણ કરી રહ્યો હોવાથી ગુરુ સાથે યુતિ કરીને ગજકેસરી યોગ બનાવશે.

કન્યા (પ, ઠ, ણ) : આજે પ્રગતિ અને નાણાકીય લાભ માટેના સારા સંજોગો દેખાઈ રહ્યા છે. સ્નેહીજનો અને મિત્રો સાથેની મુલાકાત લાભદાયી નીવડશે.

તુલા (ર, ત) : આજનો દિવસ તમારા માટે સુખદ -સંગો લઈને આવશે. સંપત્તિ અથવા મકાનને લગતા અટકેલા કાર્યો આજે સિદ્ધ થઈ શકે છે અને કોઈ મહત્વપૂર્ણ કામથી મોટો આર્થિક લાભ થવાની સંભાવના છે.

વૃશ્ચિક (ન, ય) : નવા કાર્યોની શરૂઆત કરવા માટે આજનો દિવસ ખૂબ જ સાનુકૂળ છે. કાર્યસ્થળે પ્રોજેક્ટ્સને સમયસર પૂરા કરવા માટે યોગ્ય આયોજન, મહેનત અને ફોકસ વધારવું તમારા માટે હિતાવહ રહેશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : લાંબા સમયથી ચાલી આવતી તમારી આર્થિક સમસ્યાઓનો આજે ઉકેલ આવી શકે છે. કરિયરમાં પ્રગતિ સધાશે અને વ્યાપારી પ્રવાસ ફળદાયી નીવડશે.

મકર (ખ, જ) : આજે તમારું મનોબળ અને આત્મવિશ્વાસ ખૂબ જ મજબૂત રહેશે. લાંબા ગાળાના આયોજનો અને પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થવાથી પ્રગતિની નવી તકો ખુલશે.

કુંભ (ગ, સ, શ, ષ) : આજે ટીમવર્ક અને સહકર્મીઓના સંપૂર્ણ સાથ-સહકારથી કાર્યક્ષેત્રમાં તમે તમારા લક્ષ્યો સરળતાથી પૂરા કરી શકશો. વેપારમાં નવા ગ્રાહકો જોડાવાથી આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

મીન (દ, ચ, થ, ઝ) : ભાગ્યનો સાથ મળવાથી અટકેલા વહીવટી કે સરકારી કામો આજે ઝડપથી ઉકેલાઈ જશે. વેપારમાં સારો રોકડ પ્રવાહ જળવાઈ રહેતા આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

મંગળવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૨

	6			8		2		
			9	1			8	3
					7		9	
9		8	4	6	3			5
3			5	9	8	7		4
	8		1					
6	1			7	9			
		2		4			1	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૧નો ઉકેલ

8	1	3	4	5	2	6	7	9
9	7	2	3	1	6	4	8	5
4	6	5	9	8	7	3	1	2
6	2	8	1	7	9	5	4	3
7	9	1	5	3	4	2	6	8
3	5	4	2	6	8	7	9	1
1	4	7	8	2	3	9	5	6
2	8	9	6	4	5	1	3	7
5	3	6	7	9	1	8	2	4

ખારવેલમાં સફાઈ અભિયાનમાં જર્જરીત વીજ થાંભલા બદલાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, ત. ૦૨ : ખારવેલ ખાતે સઘન સફાઈ અભિયાન અંતર્ગત ડીજીવીસીએલ દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ખારવેલ ગ્રામ પંચાયતથી ડેરી સુધીના માર્ગ પર નમી ગયેલા તેમજ જૂના અને જર્જરીત વીજ થાંભલાઓ બદલવાની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત વીજ થાંભલાઓ પર ચડી ગયેલા વેલા તેમજ વીજ વ્યવસ્થામાં નડતરરૂપ બનતી વૃક્ષોની ડાળીઓ કાપવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

ડીજીવીસીએલ ધરમપુરના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં પણ આવા જૂના અને જર્જરીત વીજ થાંભલાઓ બદલવાની કામગીરી વધુ તેજ બનાવવામાં આવશે, જેથી વીજ પુરવઠાની વ્યવસ્થા વધુ સુદૃઢ બની શકે.

આ ઉપરાંત ડીજીવીસીએલના સ્ટાફ દ્વારા ખારવેલના તલાટીના સહયોગથી ખારવેલ ગ્રામ પંચાયતથી પ્રાથમિક શાળા સુધીના માર્ગ પર પડેલી પ્લાસ્ટિકની કોથળીઓ તેમજ અન્ય કચરો એકત્ર કરી સફાઈ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન ગ્રામજનોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અને ગામની સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા નમ્ર અપીલ કરવામાં આવી હતી. સઘન સફાઈ અભિયાન અંતર્ગત હાથ ધરાયેલી આ કામગીરીથી ગામમાં સ્વચ્છતા અને વીજ સુરક્ષા જાળવવા માટે સકારાત્મક પ્રયાસ કરવામાં આવ્યો હતો



શ્રી યોગ વેદાંત સેવા સમિતિ ડુંગરા વાપી દ્વારા

વેલુગામમાં સેવાકીય કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : સંત શ્રી આશારામજી બાપુ દ્વારા પ્રેરિત શ્રી યોગ વેદાંત સેવા સમિતિ, વાપી દ્વારા ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિલવાસાના વેલુગામ ખાતે સેવાકીય અને આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોને કપડાં, ધાબળા તથા જીવનજરૂરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કેલેન્ડર અને આધ્યાત્મિક સાહિત્યનું પણ વિતરણ કરાયું હતું. ઉપસ્થિત લોકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લોકોને હરિનામ જાપ, વ્યસનમુક્તિ, માતા-પિતા પ્રત્યે આદરભાવ, સનાતન સંસ્કૃતિ અને શાસ્ત્રોના મહત્ત્વ તેમજ સત્સંગના મહિમા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

સમાજમાં વ્યાપેલી કુરિવાજો અને દુષણો દૂર કરી યુવાનોમાં સંસ્કાર અને આધ્યાત્મિક જાગૃતિ લાવવાના હેતુથી સમિતિ દ્વારા રાષ્ટ્રીય જાગૃતિ સંકીર્તન યાત્રા, કેદી ઉત્થાન કાર્યક્રમ, બાળ સંસ્કાર કેન્દ્ર, વિદ્યાર્થી ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ શિબિર, ગરીબો માટે સેવાકીય કાર્યક્રમો તથા ઉજ્જવળ યુવા તાલીમ શિબિર જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

કર્ણાટક રાજ્યોત્સવની ઉજવણી નિમિત્તે

સેલવાસમાં 'કન્નડ ક્રીડોત્સવ' યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૦૨ : કર્ણાટક રાજ્યોત્સવની ઉજવણીના ભાગરૂપે દાદરા અને નગર હવેલીના કન્નડ સેવા સંઘ તથા કન્નડ મહિલા સંઘ દ્વારા રવિવારે, ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ સેલવાસની વન્યા બેડમિન્ટન એકેડેમી ખાતે કન્નડ ક્રીડોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશમાં વસતા કન્નડ ભાષી સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કન્નડ સેવા સંઘના પ્રમુખ ડૉ. ગણેશ કમલાકર વર્નેકરે જણાવ્યું હતું કે કર્ણાટક રાજ્યની એકીકરણની યાદમાં રાજ્યોત્સવની ઉજવણી કરવામાં આવે છે. કર્ણાટકની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને વિરાસતને જાળવી રાખવાના હેતુથી આ ઉજવણી કરવામાં આવે છે. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને કર્ણાટકના રાજ્યગીતના સામૂહિક ગાન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે દાદરા અને નગર હવેલીમાં વસતા કન્નડ ભાષી પરિવારો એકત્રિત થયા હતા.કન્નડ સેવા સંઘ અને કન્નડ મહિલા સંઘની રમતગમત સમિતિ દ્વારા આયોજિત ક્રીડોત્સવમાં દોડ, બેડમિન્ટન, કેરમ, ચેસ, લીંબુ-ચમચી દોડ તેમજ કેરે દાદા સહિતની વિવિધ રમત સ્પર્ધાઓ યોજાઈ હતી. તમામ વયજૂથના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને એકતા અને ખેલદિલીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં ભોજનની વ્યવસ્થા માટે શ્રી સત્ય ભંડારીએ પ્રાયોજન કર્યું હતું, જ્યારે પંડાલની વ્યવસ્થા માટે નાતેકરે સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે કાઉન્સિલર રજની શેટ્ટી, ડૉ. ગણેશ, હોસમની, નાતેકર, નીતિશ નાયક, લોકેશપ્પા, પ્રકાશ નાયક, વેંકટેશ પુજારી, પ્રતિમા શેટ્ટી, અનિતા નાયક, પ્રભા આનંદ અને દક્ષાયની રાવ ઉપસ્થિત રહ્યા હતા. રમતગમત સમિતિના સભ્યો શિવાનંદ પ્રભુ, શરત હેગડે, સુમના પુજારી અને નવરત્ન બંગેરાએ પણ સક્રિય યોગદાન આપ્યું હતું. સૌના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં મહિલા આરોગ્ય કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : સમર્પણ જ્ઞાન સ્કૂલ અને લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગિનીના સંયુક્ત ઉપક્રમે મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાપીનાં મેયર દક્ષાબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

નિરાલી હોસ્પિટલ, નવસારીની ડૉક્ટર્સ ટીમ દ્વારા મહિલાઓને બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પમાં અંદાજે ૭૫ મહિલાઓનું નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલી Run for Unity ૫ કિમી મેરેથોનમાં બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને પ્રિન્સ પટેલ, બીજા સ્થાને પવન યાદવ અને ત્રીજા સ્થાને રવિ શર્મા રહ્યા હતા. મેયર દક્ષાબેન પટેલના હસ્તે વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન બાળકો માટે એન્ટરપ્રેન્યોરશિપ પ્રવૃત્તિ યોજાઈ હતી તેમજ સમર્પણ જ્ઞાન સ્કૂલના ન્યૂઝલેટરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, લાયન્સ ક્લબના સભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દમણના રેખા ત્રિપાઠીએ 'સ્વર્ણિમ યુગલ દંપતી સન્માન સમારોહ'માં હાજરી આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૨ : કાનપુર ખાતે અખિલ ભારતીય કાન્યકુબ્જ બ્રાહ્મણ મહાસભા દ્વારા આયોજિત 'સ્વર્ણિમ યુગલ દંપતી સન્માન સમારોહ'માં વિ- કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટનાં દમણ પ્રદેશ અધ્યક્ષ રેખા ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે તેમણે લગ્નજીવનનાં સુખદ ૫૦ વર્ષ પૂર્ણ કરનાર તમામ સન્માનિત દંપતીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે રેખા ત્રિપાઠીએ જણાવ્યું હતું કે જીવનભર એકબીજાનો સાથ નિભાવનાર આ યુગલો ભારતીય સંસ્કૃતિ, પરસ્પર વિશ્વાસ, પ્રેમ, સમર્પણ અને પારિવારિક સંસ્કારોનાં સાચાં પ્રતીક છે. તેમનું સુખમય અને પ્રેમપૂર્ણ દાંપત્ય જીવન નવી પેઢી માટે પ્રેરણારૂપ અને અનુસરવા યોગ્ય ઉદાહરણ છે. તેમણે આ ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયી સમારોહનું આયોજન કરવા બદલ અખિલ ભારતીય કાન્યકુબ્જ બ્રાહ્મણ મહાસભાના તમામ પદાધિકારીઓ અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આવા કાર્યક્રમો દ્વારા ભારતીય પારિવારિક મૂલ્યો, સંસ્કારો અને દાંપત્ય જીવનની સુવર્ણ પરંપરાનું સન્માન થાય છે, તે પ્રશંસનીય બાબત હોવાનું તેમણે જણાવ્યું હતું.

અંતમાં તેમણે તમામ સન્માનિત દંપતીઓના જીવનમાં સુખ, શાંતિ, સારું સ્વાસ્થ્ય અને પ્રેમ જળવાઈ રહે તેમજ તેમનાં આશીર્વાદ નવી પેઢીને મળતા રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

રોહિણામાં અ.સૌ. શીલાબેન અગરકર સાહિત્ય મંદિરનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૨ : પારડી તાલુકાના રોહીણા મુકામે ગ્રામ પંચાયત રોહિણા, Rainbow Warriors Dharampurના સંયુક્ત ઉપક્રમે અ. સૌ શીલાબેન અગરકર સાહિત્ય મંદિરનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો

સૌ પ્રથમ રોહીણા આશ્રમથી તૂર વાજંત્રના તાલે જ્ઞાનયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ખુબજ મોટી સંખ્યામાં વાચકો, ગ્રામજનો, આગેવાનો, યુવાનો ખુબજ ઉત્સાહભેર જોડાયા હતા. ગામની બાળાઓ દ્વારા સૌ મહેમાનો ને કુમકુમ તિલક કરી આવકાર્યા હતા. ત્યારબાદ દાતા અરુણભાઈ અગરકર, પરમ પૂજ્ય કૈલાસગિરી મહારાજ, પૂજ્ય ડૉ. નિતલ બાપુ, પાર્થિવ મહેતા (પાર્થ ટ્રેડર્સ વાપી) તથા ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ મહેમાનોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત રોહિણા દ્વારા ગામના નિવૃત તમામ કર્મચારીઓનું તથા દાતાઓ, અગરકર પરિવારના સભ્યોશ્રીઓ, Rainbow warriors Dharampur ના સભ્યોનું શાલ ઓઢાડી, પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

અ. સૌ શીલાબેન અગરકર સાહિત્ય મંદિરમાં તલાટી થી લઈ IAS, IPS સુધીની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી સાહિત્ય, બાળ સાહિત્ય તથા ચારિત્ર ઘડતર ના પુસ્તકો, કોમ્પ્યુટર, વાઈફાઈ પ્રિન્ટર ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે જે જરૂરિયાત મંદ વાચકો માટે આશીર્વાદ રૂપ બનશે. આ પ્રસંગે પરમ પૂજ્ય કૈલાસગિરી મહારાજ પૂજ્ય ડૉ નીતલ બાપુ એ સાહિત્ય મંદિરનું મહત્વ સમજાવ્યું હતું તથા વાચકોને ઉજ્જવળ ભવિષ્યના આશિષ પાઠવ્યા હતાં. અરુણભાઈ અગરકર સાહેબે વાચકોને જરૂરી તમામ સુવિધા આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે અરુણભાઈ અગરકરના પરિવારજનો પુત્ર સમીરભાઈ પુત્રવધુ વૃશાલી, જમાઈ રાજેશકુમાર, મહેશભાઈ ગરાસીયા આર.ટી.ઓ કચેરી વલસાડ, નિમેશભાઈ ગાંવિત (નાયબ ઓડિટર લોકલ ફંડ નવસારી), ડૉ ભાવિકા પટેલ, સુનિલભાઈ પટેલ, જુગલભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, કૈલાસભાઈ પટેલ, પ્રો ચંદ્રકાંત પટેલ, ભક્તિકાંત પટેલ (કાર્યાધ્યક્ષ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), મયંક પટેલ સરપંચ ખેરલાવ, સતીશભાઈ પટેલ સરપંચ પાનવા, ગ્રામ પંચાયત રોહિણાના તમામ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ,હેમંતભાઈ પટેલ, કૈલાસભાઈ પટેલ, નિતેશભાઈ પટેલ, હિતેષ પટેલ, સંદીપ પટેલ મુકેશભાઈ પટેલ, પંકજ પટેલ, મહેન્દ્ર પટેલ, કનુભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, શશીભાઈ પટેલ તથા ગ્રામ પંચાયત સભ્યો એ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો તથા Rainbow warriors Dharampur ગ્રુપના કો ઓ શંકરભાઈ પટેલે કર્યું હતું.

કપરાડા ભાજપ દ્વારા એસટી મોરચાના ૨૨ હોદેદારોની ટીમ તૈયાર કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા. ૦૨ : ગુજરાત રાજ્ય માં ભાજપ દ્વારા સંગઠન ને વધુ મજબૂત કરવા ના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. આવનાર ગ્રામ પંચાયત અને ૨૦૨૭ માં વિધાનસભા ની ચૂંટણી પૂર્વે અનેક પ્રકાર ના સંગઠનો ના હોદેદારો માં ફેરફારો કરવા માં આવી રહ્યા છે. ત્યારે કપરાડા તાલુકા માં એસટી મોરચા ના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કોષાધ્યાસ અને કારોબારી સભ્યો ની ૨૨ જેટલા હોદેદારોની ટીમની નિમણૂક કરી સંગઠન વધુ મજબૂત માને તેવો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની વિગત મળવા પામી છે. જેમાં કપરાડા એસટી મોરચા ના પ્રમુખ તારીખે મુકેશભાઈ ધજુભાઈ ગાંવિત (રોહિયાળ તલાટ), ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ કિશનભાઈ ભગરીયા (ગિરનારા), સંદીપભાઈ લક્ષ્મણભાઈ ચવરા(નિલોશી), પ્રભુભાઈ ોપાલભાઈ મુડા (વાવર),મહામંત્રી તરીકે વિષ્ણુભાઈ દેવજીભાઈ બરફ (ધામણવેગન), વિપુલભાઈ મોહનભાઈ કડુ (માતુનિયા), મંત્રી તરીકે રમેશભાઈ ભીવજીભાઈ રડિયા (વેરીભાવાડા), અમુલભાઈ નથુભાઈ ચૌહાણ (અસ્ટોલ), ઉમેશભાઈ રમણાભાઈ (ખડકવાળ), કોષાધ્યક્ષ તરીકે રાજુભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી (પીપલસેત) આ ઉપરાંત અન્ય ૧૨ જેટલા કારોબારી સભ્યોની નિમણૂક જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા અને વલસાડ જિલ્લા એસ.ટી મોરચાના પ્રમુખ ધનેશભાઈ ચૌધરી દ્વારા કરવા માં આવતા કપરાડા ભાજપમાં સંગઠન વધુ મજબૂત થશે નું જાણવા મળે છે.

આમ ગ્રામ પંચાયત ચૂંટણી પૂર્વે કપરાડા તાલુકા ભાજપ દ્વારા એસટી મોરચાના ૨૨ જેટલા હોદેદારોની ટીમ તૈયાર કરવામાં આવતા ભાજપ કાર્યકર્તાઓમાં ખુશી જવા મળી રહી છે.

કોશમાં આજે પ્રથમ વખત 'ધોડિયા ભાષા દિવસ'ની ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : સુરત જિલ્લાના અંબિકા તાલુકાના કોશ ગામે તા. ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રથમ વખત 'ધોડિયા ભાષા દિવસ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ધોડિયા ભાષા સમિતિ, કોશ દ્વારા આયોજિત આ કાર્યક્રમ સાંજે પાંચ વાગ્યે કોશ ગામ ખાતે યોજાશે. કાર્યક્રમની શરૂઆત ધાર્મિક પૂજા સાથે કરવામાં આવશે. ત્યારબાદ મહેમાનોનું સ્વાગત, ધોડિયા ભાષા અને સંસ્કૃતિ અંગે વિશેષ વક્તવ્ય, પરંપરાગત લોકગીતોની પ્રસ્તુતિ તથા આભારવિધિ યોજાશે. ધોડિયા ભાષા એ સમાજની ઓળખ, સંસ્કૃતિ અને પરંપરાગત વારસાનું અમૂલ્ય પ્રતીક છે. નવી પેઢીમાં માતૃભાષા પ્રત્યે ગૌરવ અને જાગૃતિ વધે તથા ભાષાનું અસ્તિત્વ જળવાઈ રહે તેવા આશયથી યોજાનાર આ પ્રથમ ધોડિયા ભાષા દિવસની ઉજવણીમાં મોટી સંખ્યામાં આ પ્રસંગે ધોડિયા સમાજના આગેવાનો, વડીલો, યુવાનો, મહિલાઓ તેમજ ભાષા અને સંસ્કૃતિપ્રેમીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ધરમપુર ન.પા. દ્વારા વિવિધ ક્ષેત્રે યોગદાન આપનાર મહાનુભાવોનું સન્માન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૨ : ધરમપુર નગરપાલિકા દ્વારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી નિમિત્તે આયોજિત વિશેષ કાર્યક્રમમાં સમાજસેવા, શૈક્ષણિક, ધાર્મિક, આરોગ્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર ૧૨ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમના સેવાકીય કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાયસિંગ વળવી, લોકમંગલ ટ્રસ્ટ ખોબા, શ્રીમદ્ રાજચંદ્રના મેનેજિંગ ટ્રસ્ટી મહેશભાઈ ખોખાણી, સાઈનાથ હોસ્પિટલના ડો. ડી.સી. પટેલ, બાબુલભાઈ મીરાણી, વજીરભાઈ હરકણિયા, હસમુખભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ પરિહાર, પ્રજ્ઞાબેન રાજા, હસમુખલાલ પસ્તાગીયા, ઋષિત મીરાણી અને દિનેશભાઈ મીરાણી સહિત કુલ ૧૨ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, શહેર ભાજપ પ્રમુખ અમિત ચોરેરા, નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, સમીપ રાંચ, ફહદ બાહનાન અને નરેશ પટેલ ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલીયા સહિત ભાજપના સભ્યો, કાર્યકરો તથા આગેવાનો કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ અને સમાજના ઉત્થાન માટે યોગદાન આપનાર મહાનુભાવોનું સન્માન કરી તેમના કાર્યને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું.

વારોલીતલાટ પ્રા.શાળાના શિક્ષકનો 'સુસેવા અભિવાદન સમારોહ' યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા.૦૨ : વલસાડ જિલ્લાના વારોલી તલાટ પ્રા.શાળા ખાતે આજે કપરાડા વિધાનસભાના ધારાસભ્યપૂર્વ રાજ્ય મંત્રી જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને આદરણીય શિક્ષક ઉત્તમભાઈ જાદવના સન્માનમાં 'સુસેવા અભિવાદન અને શુભેચ્છા સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહી ઉત્તમભાઈ જાદવનું સન્માન કરી તેમની વર્ષોની શૈક્ષણિક સેવાઓને બિરદાવી હતી.શિક્ષણ એ માત્ર પુસ્તકનું જ્ઞાન આપવાનું માધ્યમ નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રના ભવિષ્યનું ઘડતર કરવાનું પવિત્ર કાર્ય છે. આ કાર્યને જીવનનું ધ્યેય બનાવીને વર્ષો સુધી શિક્ષણક્ષેત્રે નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવ સાથે ફરજ બજાવનાર ઉત્તમભાઈ જાદવે અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમની શૈક્ષણિક સફર અને સેવાકીય કામગીરી સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

વાપીમાં એસબીઆઈ કરન્સી ચેસ્ટ બ્રાન્ચ બંધ થતાં વેપારીઓ પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : વાપી GIDC ચાર રસ્તા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા., આઈ ટી. બ્રાન્ચની કરન્સી ચેસ્ટ બ્રાન્ચ છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે બંધ કરી દેવામાં આવી હોવાની અને લીમીટ ઘટાડી દેવામાં આવી હોવાની ફરિયાદ ઉઠી છે. વાપીના જીઆઇડીસી અંબિકા પાર્કના રહીશ કિશોર આર. ચાવડા દ્વારા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે જેમાં જણાવ્યા મુજબ, બેંકનું બિલ્ડીંગ પાડી નવું બનાવવા માટેની વાતો વર્ષો જૂની છે, પરંતુ આજદિન સુધી કોઈ નવું બિલ્ડીંગ બન્યું નથી. ફક્ત નવી બિલ્ડીંગ બનાવવાનું બહાનું બતાવી કરન્સી ચેસ્ટ બ્રાન્ચ બંધ કરી નાખવામાં આવી છે, જે ખૂબ જ દુ:ખદ વાત છે. કરન્સી ચેસ્ટ બંધ થવાથી અને લીમીટ ઓછી થવાથી તહેવાર અને લગ્ન પ્રસંગને લઈ વાપીની પ્રજા, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને નવી નોટો અને સિક્કા જેવા કે રૂ. ૫, ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ મેળવવામાં ભારે તકલીફ પડી રહી છે.

વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં મોટામાં મોટું ઉદ્યોગ નગર અને વલસાડ જિલ્લામાં એકમાત્ર મહાનગરપાલિકા જેવું વાપી શહેર હોવા છતાં આ સેવાથી વંચિત રહેલું છે. તાત્કાલિક ધોરણે કરન્સી ચેસ્ટ ચાલુ કરવા અને લીમીટ વધારવા માટે સાંસદને રજૂઆત કરવામાં આવી છે. આ અરજીની નકલ એજીએમ વલસાડ એસબીઆઈ અને વીઆઈએ પ્રમુખને પણ મોકલવામાં આવી છે.

દમણ જિ.પં. પ્રમુખની યુવાનોને નશાખોરીથી બચાવવા રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૧ : દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ ધર્મ પટેલે યુવાનોને ડ્રગ્સ, ગાંજા અને હુક્કા જેવા નશીલા પદાર્થોના દુષણથી બચાવવા માટે પહેલ કરી છે. આ અંગે તેમણે ૩૦ ઓક્ટોબરના રોજ પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ અધિક્ષક (SP) કેતન બંસલને પત્ર સોંપીને નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અને પ્રસાર સામે વિશેષ તપાસ અભિયાન ચલાવવાની રજૂઆત કરી હતી.

પત્રમાં ધર્મ પટેલે જણાવ્યું હતું કે આજના યુવાનો દેશનું ભવિષ્ય છે. પરંતુ યુવાનોમાં ડ્રગ્સ, ગાંજા અને હુક્કા જેવા નશીલા પદાર્થોના સેવનનું વધતું ચલણ તેમના સ્વાસ્થ્ય અને ભવિષ્ય માટે ચિંતાનો વિષય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ આવેલા બાર એન્ડ રેસ્ટોરન્ટ, કેફે, પાનની દુકાનો તેમજ જનરલ સ્ટોર્સ પર પોલીસ દ્વારા વિશેષ તપાસ અભિયાન હાથ ધરવું જોઈએ. આ ઉપરાંત નવી પેઢીને નશીલા પદાર્થોના સેવનથી થતા ગંભીર નુકસાન અંગે જાગૃત કરવા માટે શાળાઓ, કોલેજો અને જાહેર સ્થળોએ જનજાગૃતિ કાર્યક્રમો યોજવા પણ તેમણે સૂચન કર્યું હતું.

આ રજૂઆત અંગે એસપી કેતન બંસલે જિલ્લા પંચાયત પ્રમુખ ધર્મ પટેલને તેમના સૂચનો પર ગંભીરતાથી વિચારણા કરી જરૂરી ધ્યાન આપવા માટે ખાતરી આપી હતી.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત

‘હનુમાન અંશ’ માટે સાધુ તિવારીને બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર એવોર્ડ

JFF ૨૦૨૬માં ફિલ્મના સંગીતે જીતી જ્યુરીની પ્રશંસા, સાધુ તિવારીની સિદ્ધિથી ટીમમાં ખુશી છવાઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : મનોરંજન જગતમાંથી એક ખૂબ જ મોટા અને ગર્વના સમાચાર સામે આવી રહ્યા છે. તાજેતરમાં યોજાયેલા પ્રતિષ્ઠિત જાગરણ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬માં બોલિવૂડ અને સિનેમા જગતની અનેક પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ સમારોહમાં ફિલ્મ ‘હનુમાન અંશ’ ના સંગીત નિર્દેશક સાધુ તિવારી એ બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટરનો એવોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ અહેવાલમાં આપણે જાણીશું કે આ સન્માન પાછળની સફળતા, ફિલ્મના ગીતો અને સંગીતકારની સફર વિશેની વિગતવાર વાતો. કોઈપણ ફિલ્મની સફળતામાં તેના મ્યુઝિક અને બેકગ્રાઉન્ડ સ્કોરનો મોટો ફાળો હોય છે. ‘હનુમાન અંશ’ ફિલ્મે રિલીઝ થયા બાદ દર્શકોના દિલમાં એક ખાસ જગ્યા બનાવી છે, અને હવે જાગરણ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬ જેવા મોટા મંચ પર આ ફિલ્મના સંગીતને સત્તાવાર રીતે સર્વશ્રેષ્ઠ સ્વીકારવામાં આવ્યું છે. સંગીતકાર સાધુ તિવારીએ પોતાની સંગીત રચનાઓ દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની આ જ મહેનત અને બેજોડ સંગીત સાધનાને ત્નહ્લહ્લ ૨૦૨૬ની જ્યુરી દ્વારા ‘બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર’ના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આત્માને સ્પર્શી જાય તેવું સંગીત: સાધુ તિવારીએ ફિલ્મની થીમ અનુસાર ભક્તિભાવ, જોશ અને ભાવનાત્મકતાનો અદ્ભુત સમન્વય સાધ્યો છે. વાયરલ અને લોકપ્રિય ટ્રેક્સ: ફિલ્મના ગીતો, ખાસ કરીને જે પૌરાણિક અને મોર્ડન બીટ્સ સાથે તૈયાર કરવામાં આવ્યા છે, તેણે યુવા વર્ગ અને પારિવારિક દર્શકોમાં ભારે લોકપ્રિયતા મેળવી છે. બેકગ્રાઉન્ડ સ્કોર: સિનેમાઘરોમાં દર્શકોએ એ વાતની નોટિસ લીધી હતી કે દરેક સીનની ગંભીરતા અને ઉત્સાહને વધારવામાં સાધુ તિવારીનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક મુખ્ય આધાર બન્યું હતું. જાગરણ ફિલ્મ ફેસ્ટિવલ ભારતના સૌથી મોટા અને સન્માનિત ફિલ્મ ઉત્સવોમાં ગણાય છે, જ્યાં દેશભરના વાસ્તવિક પ્રતિભાશાળી કલાકારો, દિગ્દર્શકો અને ટેકનિશિયનોને તેમની કલા માટે સન્માનિત કરવામાં આવે છે. આવા પ્રતિષ્ઠિત મંચ પર ‘હનુમાન અંશ’ જેવી ફિલ્મને અને સાધુ તિવારી જેવા મ્યુઝિક માઈન્ડને એવોર્ડ મળવો એ સાબિત કરે છે કે બોલિવૂડમાં ગુણવત્તાસભર અને અર્થસભર સંગીતની હજુ પણ ઊંડી કદર થાય છે. આ એવોર્ડની જાહેરાત થતાંની સાથે જ સોશિયલ મીડિયા પર અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. સાધુ તિવારીના ચાહકો અને બોલિવૂડના દિગ્ગજો તેમને ટેગ કરીને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આ એવોર્ડ માત્ર સાધુ તિવારીની વ્યક્તિગત જીત નથી, પરંતુ ‘હનુમાન અંશ’ની આખી ટીમની મહેનતનું પરિણામ છે.



અમિતાભ જલસાની બહાર બુલેટપ્રૂફ કવચમાં જોવા મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનની સુરક્ષામાં ધમકી મળ્યા બાદ હવે વધુ વધારો કરવામાં આવ્યો છે. આજે મુંબઈના જુહુ સ્થિત તેમના નિવાસસ્થાન ‘જલસા’ની બહાર ચાહકોને મળવા આવેલા અમિતાભ બચ્ચન આ વખતે પારદર્શક બુલેટપ્રૂફ કાચની સુરક્ષા વચ્ચે જોવા મળ્યા હતા. ચાહકોનું અભિવાદન કરવાની તેમની વર્ષો જૂની રવિવારની પરંપરા તેમણે જાળવી રાખી હતી. અમિતાભ બચ્ચને ઊંચા પ્લેટફોર્મ પર ઊભા રહીને ચાહકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્લેટફોર્મની આસપાસ પારદર્શક સુરક્ષા કવચ પણ લગાવવામાં આવ્યું હતું. અને તેમની સાથે પુત્ર અભિષેક બચ્ચન પણ હાજર હતો. મુંબઈ પોલીસના જવાનો સ્થળ પર તહેનાત રહ્યા હતા અને ચાહકોને પણ બેરિકેડની પાછળ રાખવામાં આવ્યા હતા. આ સુરક્ષા વ્યવસ્થા ૨૩ ઓક્ટોબરે મળેલા ધમકીભર્યા ઈ-મેઈલ બાદ કરવામાં આવી છે. આ ઈ-મેઈલ બીએમસીના મેયર રિતુ તાવડેના કાર્યાલયમાં મોકલવામાં આવ્યો હતો, જેમાં અમિતાભ બચ્ચનના જુહુ સ્થિત નિવાસસ્થાન ‘જલસા’ને ૩૧ ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર વચ્ચે નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. મેઈલમાં દાદર



સહિતની શાળાઓ અને ગાયક દિલજીત દોસાંજના ૨૭ નવેમ્બરે મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે યોજાનારા કાર્યક્રમનો પણ ઉલ્લેખ કરાયો હતો. ધમકીભર્યો મેઈલ મળ્યા બાદ મુંબઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી હતી. મેયર કાર્યાલયની સાથે જ ધમકીમાં ઉલ્લેખ કરાયેલાં સ્થળોએ સુરક્ષા અને દેખરેખ વધારી દેવામાં આવી હતી. મેયર કાર્યાલયની તપાસ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. ધમકીભર્યા મેઈલની સત્યતા, તેના મૂળ અને મોકલનારની ઓળખ જાણવાની દિશામાં હાલ તપાસ ચાલુ છે. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન અમિતાભ બચ્ચને પણ તાજેતરમાં પોતાના સ્વાસ્થ્ય અંગે પણ અપડેટ આપ્યું હતું. તેમણે બ્લોગમાં વધુ આરામ અને સ્વસ્થ થવાની જરૂર હોવાનું પણ જણાવ્યું હતું. ડૉક્ટરોએ તેમને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપી હોવાથી તેઓ સોશિયલ મીડિયા પર નિયમિત પોસ્ટ નહીં કરે તેવી માહિતી પણ બિગબીએ ચાહકોને આપી હતી.

જાન્હવીએ શ્રીદેવીનો નગીના લૂક રીક્રિએટ કરી આપી ટ્રિબ્યુટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : હેલોવીન પર જાનહ્વી કપૂરે રીક્રીએટ કર્યો શ્રીદેવીનો આઈકોનિક ‘નગીના’ લૂક, સોશિયલ મીડિયા પર વાયરલ. હેલોવીન પર બોલિવૂડ અભિનેત્રી જાનહ્વી કપૂરે પોતાની મા શ્રીદેવીની સુપરહિટ ફિલ્મ ‘નાગિન’નો આઈકોનિક લૂક રીક્રીએટ કર્યો છે. જાનહ્વી કપૂરની આ તસવીરો ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહી છે. મા શ્રીદેવીના લુકમાં જોવા મળી જાનહ્વી બોલિવૂડ અભિનેત્રી જાનહ્વી કપૂરે આ વખતે હેલોવીન પર પોતાની મા શ્રીદેવીને ખાસ સ્ટાઈલમાં યાદ કર્યા. હેલોવીન પર બોલિવૂડ અભિનેત્રી જાનહ્વી કપૂરે પોતાની મા શ્રીદેવીની સુપરહિટ ફિલ્મ ‘નાગિન’નો આઈકોનિક લૂક રીક્રીએટ કર્યો છે. જાનહ્વી કપૂરની આ તસવીરો ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહી છે. બોલિવૂડ અભિનેત્રી જાનહ્વી કપૂરે આ વખતે હેલોવીન પર પોતાની મા શ્રીદેવીને ખાસ સ્ટાઈલમાં યાદ કર્યા. તેમણે શ્રીદેવીની હિટ ફિલ્મ ‘નગીના’ના લૂકને ફરીથી ક્રિએટ કર્યો. જાનહ્વી સાથે સોશિયલ મીડિયા પર મશહૂર ઓરી પણ



જોવા મળ્યો, જેણે દિવંગત અભિનેતા ઋષિ કપૂરનો લૂક અપનાવ્યો હતો. બંનેએ ફિલ્મના કેટલાક યાદગાર ક્ષણોને ફરીથી રજૂ કર્યા. તેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. અભિનેત્રી જાનહ્વી કપૂરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ખાસ લૂકની તસવીરો શેર કરી. તેણે લખ્યું કે તે ફિલ્મના સૌથી યાદગાર ક્ષણોમાંથી એકને ફરીથી બતાવવા માંગતી હતી. જાનહ્વીએ એ પણ કહ્યું કે હેલોવીન પર લોકો હવે માત્ર ડરાવના કપડાં નથી પહેરતા, પરંતુ પોતાના મનપસંદ ફિલ્મી પાત્રો અને મશહૂર પ્રસંગોને પણ દોહરાવે છે. જાનહ્વીએ આ ખાસ અંદાજ દ્વારા પોતાની મા શ્રીદેવી, ઋષિ કપૂર અને અમરીશ પુરીને યાદ કર્યા. તેણે જણાવ્યું કે આ લૂક તૈયાર કરવામાં તેમને મદદ પણ મળી હતી. જાનહ્વીની બહેન ખુશી કપૂરે તેની તસવીરો પર પ્રતિક્રિયા આપતા લખ્યું, “તેં હેલોવીન જીતી લીધું.” ફિલ્મ ‘નગીના’ વર્ષ ૧૯૮૬માં રિલીઝ થઈ હતી. તેનું નિર્દેશન હરમેશ મલ્હોત્રાએ કર્યું હતું. ફિલ્મમાં શ્રીદેવીએ રજની નામની ઈચ્છાધારી નાગિનનું પાત્ર ભજવ્યું હતું. તે પોતાના પતિના મોતનો બદલો લેવા માટે રાજીવ સાથે લગ્ન કરે છે. રાજીવનું પાત્ર ઋષિ કપૂરે ભજવ્યું હતું. ફિલ્મમાં અમરીશ પુરી, સુષમા સેઠ અને પ્રેમ ચોપરા પણ મુખ્ય ભૂમિકામાં હતા. ૨૮ નવેમ્બર ૧૯૮૬ના રોજ રિલીઝ થયેલી ‘નગીના’ને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. તે એ વર્ષની બીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની હતી. જાણકારી માટે જણાવી દઈએ કે શ્રીદેવીનું ફેબ્રુઆરી ૨૦૧૮માં દુબઈમાં નિધન થયું હતું.

પરિણીતીની ફિલ્મ પર વાર્તા ચોરીનો વિવાદ

રિપોર્ટિંગ લાઈવના નિર્માતાઓ પર પત્રકારની સ્ટોરી ચોરવાનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : ઓટીટી પર રજૂ થયેલી પરિણિતી ચોપરા અભિનિત ફિલ્મ ‘રિપોર્ટિંગ લાઈવ’ ગંભીર વિવાદમાં સપડાઈ છે. જાણીતા ઈન્વેસ્ટીગેટીવ પત્રકાર સંધ્યા રવિશંકરે ફિલ્મના સર્જકો પર તેમની વાસ્તવિક તપાસ અને જીવન આધારીત વાર્તા ચોરી કરવાનો આરોપ મુક્યો છે. કોઈપણ પ્રકારની ક્રેડિટ આપ્યા વિના તેમની વાર્તા દર્શાવવાને કારણે હવે આ મામલે નૈતિકતા અને લેખન હક્કો પર વિવાદ વકર્યો છે. સંધ્યા રવિશંકરે સોશિયલ મીડિયા પર ખુલ્લો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે તમિલનાડુમાં ગેરકાયદે રેતી ખનન પર કરેલા તેમના રિપોર્ટિંગના અંશો આ ફિલ્મમાં લેવાયા છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૨ અને ૨૦૨૩માં આ વાર્તા નિર્માતાઓને પીચ કરાઈ હતી. કાનૂની કાર્યવાહીથી બચવા માટે વિગતોમાં ફેરફાર કરાયાનો આરોપ લગાવી તેમણે જાહેર માફીની માગ કરી છે. ૯ ઓક્ટોબરે રિલીઝ થયેલી ધ્રુવ ત્રિપાઠી દિગ્દર્શિત આ ફિલ્મમાં પરિણીતીએ રિપોર્ટર સંધ્યા યાદવનું પાત્ર ભજવ્યું છે, જે ખતરનાક રેતી માફિયા નેટવર્કનો પર્દાફાશ કરે છે. સંધ્યા રવિશંકરે પરિણીતીના અભિનય તેમજ ન્યુઝરૂમના ચિત્રણને અત્યંત નબળું ગણાવ્યું છે. આ ફિલ્મમાં દેવેન ભોજાણી, અમોલ પાલેકર, આદિલ હુસૈન અને શેખર સુમન જેવા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં છે.

ઋષભ શેટ્ટીની છત્રપતિ શિવાજી મહારાજ પરની ફિલ્મ બે ભાગમાં બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૩૧ : ફિલ્મમેકર ભૂષણ કુમારે ‘ધ પ્રાઈડ ઓફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ’ નામની ફિલ્મ બે ભાગમાં બનાવવા માટે ‘કાંતારા’ ફેમ ઋષભ શેટ્ટી અને ફિલ્મનિર્દેશક સંદીપસિંહ સાથે હાથ મિલાવ્યા છે. આ જાહેરાત કરતી વખતે ભૂષણ કુમારે ઋષભ શેટ્ટીને તેમના કામની શરૂઆતના પ્રતીક તરીકે શિવાજી મહારાજનું સો વર્ષ જુનું પેઇન્ટિંગ ભેટ આપ્યું હતું. બે ભાગમાં બનનારી આ ફિલ્મમાં ૧૭મી સદીના શાસક શિવાજી મહારાજના જીવનના મહત્વના યુદ્ધો અને તેમની સ્વરાજ્યની સંકલ્પનાને વણી લેવામાં આવશે. ફિલ્મનું નિર્દેશન સંદીપ સિંહ કરશે જ્યારે શિવાજી મહારાજની ભૂમિકા ઋષભ શેટ્ટી ભજવશે તેમ મનાય છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૭ની શરૂઆતથી ચાલુ કરી દેવામાં આવશે. હાલ ફિલ્મનું પ્રિ-પ્રોડક્શનનું કામ ચાલુ છે. શિવાજી મહારાજ વિશેની બે ભાગમાં બનનારી આ ફિલ્મની પટકથા ઋષિ વિરમાની અને સંદીપ સિંહે લખી છે. સંદીપ સિંહનું નેરેશન સાંભળી ભૂષણ કુમારે તત્કાળ આ પ્રોજેક્ટને હાથ ધર્યો હતો.

બોડીગાર્ડ શેરાના અપમાનથી સલમાન ખાન થયા ગુસ્સે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨ : લોકપ્રિય રિયાલિટી શો ‘બિગ બોસ ૨૦’ ના તાજેતરના ‘વીકેન્ડ કા વાર’ એપિસોડમાં બોલિવૂડ સુપરસ્ટાર અને હોસ્ટ સલમાન ખાને સ્પર્ધકોની ક્લાસ લેવાની સાથે-સાથે કેટલાક ગંભીર મુદ્દાઓ પર ખુલીને ચર્ચા કરી હતી. આ એપિસોડ દરમિયાન સલમાને સ્કાઉટઓપી લવ ગિલ અને આમ્રપાલી દુબે સાથે જોડાયેલા વિવાદો પર વાત કરી હતી. ચર્ચા દરમિયાન સલમાને પોતાના અંગત જીવનનો એક કિસ્સો શેર કરતા પોતાના લોકપ્રિય બોડીગાર્ડ શેરાનો ઉલ્લેખ કર્યો હતો, જેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. નેશનલ



ટેલિવિઝન પર સ્પર્ધકોના વ્યક્તિગત મંતવ્યો અને વિવાદો સાંભળ્યા પછી, સલમાન ખાને પોતાના નજીકના લોકો માટે સ્ટેન્ડ લેવાના અનુભવને યાદ કર્યો હતો. તેમણે એક ઘટના જણાવતા કહ્યું કે ભૂતકાળમાં તેમના એક મહિલા મિત્રએ તેમના વિશ્વાસુ બોડીગાર્ડ શેરા વિશે કંઈક ટિપ્પણી કરી હતી. આ વાત સાંભળતા જ સલમાને તરત જ વચ્ચે પડીને તે મિત્રને અટકાવી દીધી હતી અને સ્પષ્ટ કરી દીધું હતું કે ક્યાં અને કેવી રીતે મર્યાદાઓ નક્કી કરવી જોઈએ. આ ઉદાહરણ આપીને સલમાને ઘરના તમામ સભ્યોને શીખ આપી હતી કે પોતાના અને પોતાના પ્રિયજનોના સન્માન માટે અવાજ ઉઠાવવો ખૂબ જ જરૂરી છે, અને જ્યારે કોઈ વ્યક્તિ પોતાની મર્યાદા ઓળંગે ત્યારે સમયસર સ્પષ્ટ સીમાઓ નક્કી કરવી અનિવાર્ય છે. આ એપિસોડમાં સલમાન ખાને લવ ગિલ અને તેની ગર્લફ્રેન્ડ કાશવી હીરાનંદાનીને, સ્કાઉટઓપી સાથેના તેમના સંબંધોને લઈને આડેહાથ લીધા હતા. હોસ્ટે સ્કાઉટની વફાદારી સામે સવાલ ઉઠાવ્યા હતા. જ્યારે કાશવીએ લવ પર સ્કાઉટને ગેરમાર્ગે દોરવાનો (મેનીપ્યુલેટ કરવાનો) આરોપ મૂક્યો, ત્યારે લવનો બચાવ કરવામાં સ્કાઉટ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો હતો. સલમાને સ્કાઉટને કડક શબ્દોમાં યાદ અપાવ્યું કે દરેક વાતમાં બીજા પર દોષારોપણ કરવાને બદલે તેણે પોતાના કાર્યોની જવાબદારી જાતે લેવી જોઈએ. આ ઉપરાંત, સલમાને સ્પર્ધક આમ્રપાલી દુબેને સવાલ કર્યો કે ઘરની અંદર ચાલતી દલીલો કે ઝઘડાઓ દરમિયાન તે સમયસર વચ્ચે કેમ ન પડી. તેમણે આ યુવાન સ્પર્ધકને સલાહ આપી કે અન્ય સહભાગીઓની મિત્રતા પર ભરોસો રાખવાને બદલે તેણે પોતાની ગેમ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સાથે જ, શોમાં માહી વિજની ભૂમિકા પર ટિપ્પણી કરતા સલમાને કહ્યું કે તેણે બિનજરૂરી ગપસપ કે વાતોમાં પડવાને બદલે પોતાની ઓરિજિનલ ગેમપ્લે પર વધુ ધ્યાન આપવું જોઈએ.

સંજય દત્ત સામે પોલીસ બનીને ઉતરશે સલમાન ખાન?



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૦૨ - વર્ષ ૧૯૯૩માં રિલીઝ થયેલી સુભાષ ઘાઈની ફિલ્મ ‘ખલનાયક’ ની સિક્વલ ફિલ્મ અંગે ચર્ચા ચાલી રહી છે. આ ફિલ્મને લઈ સુભાષ ઘાઈને કેટલાક ફેન્સે સવાલ પણ કર્યા છે. પ્રોજેક્ટ બરોબર રહ્યો તો આવનારા દિવસોમાં આ ફિલ્મની સિક્વલ જોવા મળશે. સંજય દત્ત એક નવા લૂકમાં દેખાશે. આ ફિલ્મને લઈ વાવડ હવે એવા પણ છે કે, આ ફિલ્મમાં સલમાન ખાન પણ જોવા મળશે. સલમાન ખાન આ ફિલ્મમાં પોલીસ ઓફિસરનો રોલ પ્લે કરી શકે છે. સમગ્ર ફિલ્મ પ્રોજેક્ટને લઈ સુભાષ ઘાઈએ પોતાની રાઈટિંગ ટીમ સાથે મળીને સલમાન ખાનનો એક સ્પશ્યલ રોલ તૈયાર કરવા માટે કામ કરવા તૈયાર દર્શાવી છે. ડાયરેક્ટર સુભાષ ઘાઈ પોતે પણ આ રોલને લઈને કામ કરી રહ્યા છે. સુત્રોમાંથી વિગત એવી મળી રહી છે કે, સલમાન ખાનનું પાત્ર એક એવા પોલીસ ઓફિસરનું રહી શકે છે જે સંજય દત્તના પાત્રના લેવલનું હોય અને અન્ય રીતે આ લીડ રોલને સપોર્ટ કરતું હોય. સલમાનનો રોલ ફિલ્મની સ્ટોરીને સીધી રીતે અસર કરી શકે. ‘ખલનાયક’ એક કાઈમ ડ્રામા ફિલ્મ હતી. નવી ફિલ્મમાં કોઈ થીમ બદલવામાં આવી શકે છે. ફિલ્મના કાસ્ટિંગ અંગે હજુ ખાસ કોઈ વિગત સામે આવી નથી. પણ નવા ચહેરાઓને ડાયરેક્ટર કોઈ મોટી તક આપી શકે છે. હાલમાં આ ફિલ્મની સ્ક્રિપ્ટ બની રહી હોવાના વાવડ મળી રહ્યા છે. ફિલ્મમાં સલમાન ખાન હશે કે નહીં એ પણ હજુ સુધી ફાઈનલ નથી. સ્ક્રિપ્ટ સ્ટેજ પૂરો થાય પછી જ કાસ્ટિંગ અંગે ફાઈનલ લીસ્ટ તૈયાર થશે. આ માહોલ વચ્ચે સ્ક્રિપ્ટ ફાઈનલ થયા બાદ સ્ક્રિનપ્લે પણ તૈયાર થશે. આ પછી મેકર્સ કાસ્ટિંગ અંગનો કોઈ નિર્ણય લેશે. ડાયરેક્ટરે ઉમેર્યું હતું કે, ફિલ્મને લઈને અત્યારે કોઈ વાત કરવી એ ઉતાવળ થશે. હાલમાં ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ ચાલુ છે. સ્ક્રિપ્ટ પૂરી થયા બાદ સ્ક્રિન પ્લે લખાશે. આ પછી અમને ખ્યાલ આવશે કે, આપણે ક્યાં છીએ. સલમાન ખાન આ ફિલ્મના પ્રોજેક્ટમાં જોડાશે તો એવું બીજીવાર બનશે કે, સલમાન ખાન સુભાષ ઘાઈ સાથે કામ કરશે. આ પહેલા વર્ષ ૨૦૦૮માં આવેલી ફિલ્મ ‘યુવરાજ’માં તે સુભાષ ઘાઈ સાથે કામ કરી ચૂક્યો છે. જ્યારે સલમાન ખાન સાથે સંજુ બાબાની ફિલ્મ ‘ચલ મેરે ભાઈ’ પણ અગાઉ આવી હતી. એક લાંબા બ્રેક બાદ હવે સલમાન ખાનની ફિલ્મ ‘માતૃભૂમિ‘ પણ તૈયાર થઈ ગઈ છે. જે આવનારા દિવસોમાં થિયેટર્સમાં આવી શકે છે. મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી નથી. ફિલ્મ મેકર અપૂર્વા લાખિયાએ ફિલ્મ ડાયરેક્ટ કરી છે. આ ફિલ્મ ભારત અને ચીન વચ્ચે ગલવાન ઘાટીમાં થયેલા ઘર્ષણ પર આધારિત છે.

ઈઠાના ટ્રેલરમાં લાવણીના તાલે શ્રદ્ધા કપૂરનો દમદાર અંદાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૩૧ : બોલીવુડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ ઈઠા અત્યારે ભારે ચર્ચામાં છે. લાંબા સમય પછી આ ફિલ્મ દ્વારા શ્રદ્ધા વાપસી કરી રહી છે. મેકર્સે ઓફિશિયલ ટ્રેલર રિલીઝ કરી દીધું છે. આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂર સાથે રણદીપ હુડ્ડા પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે. મેડોક ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મનું ડિરેક્શન લક્ષ્મણ ઉતેકરે કર્યું છે અને દિનેશ વિજન તેને પ્રોડ્યુસ કરી રહ્યા છે. સામે આવેલા આ નવા ટ્રેલરમાં શ્રદ્ધા કપૂરનો એક અત્યંત દમદાર અને અલગ જ અવતાર જોવા મળ્યો છે. ટ્રેલરની શરૂઆત દમદાર ડાયલોગ્સ અને એક મજબૂત વાર્તાની ઝલક સાથે થાય છે. જેમાં પાત્રના સંઘર્ષ, જુસ્સા અને લોકકળા સાથે જોડાયેલી દુનિયાને ખૂબ જ સુંદર રીતે દર્શાવવામાં આવી છે. ટ્રેલરના એક ખાસ ભાગમાં મરાઠી સંસ્કૃતિ અને પરંપરાગત પરિધાન નવવારી સાડીનો ખાસ ઉલ્લેખ જોવા મળે છે, જ્યાં તેના માન-સન્માનને પડદા પર ઉતારવામાં આવ્યું છે. ફિલ્મમાં દર્શકોને ડ્રામા, ઈમોશન અને શાનદાર એક્ટિંગનું જબરદસ્ત કોમ્બિનેશન જોવા મળશે. કેવું છે શ્રદ્ધા કપૂરની ઈઠાનું ટ્રેલર? શરૂઆતમાં શ્રદ્ધા કપૂરના પાત્રનો એક ઈમોશનલ સમય બતાવવામાં આવ્યો છે, જ્યારે તે કહે છે: તેં જ કહ્યું હતું જોઈએ શું તૂટે છે? મારો ભરોસો કે મારો ઘમંડ. મારો ભરોસો જ મારો ઘમંડ હતો, જ્યારે એ તૂટી ગયો ને ત્યારે બધું જ તૂટી ગયું. આ પછી તે સીન દેખાય છે જ્યાં તેની સફળતા દર્શાવાઈ છે, એ એવોર્ડ્સ છે જે આ સંઘર્ષને દર્શાવે છે. પરંતુ તૂટવાથી લઈને બનવા સુધીની સફર જ ઈઠામાં બતાવવામાં આવી છે. કેવી રીતે એ નાની બાળકી અહીં સુધી પહોંચી તેની એક ઝલક આ ટ્રેલરમાં જોવા મળે છે. બીજી તરફ, ટ્રેલરના અંતિમ ભાગમાં નવવારી સાડીને લઈને ખૂબ જ શાનદાર ડાયલોગ છે. જ્યાં કોઈ પૂછે છે: કઈ સદીના કપડાં પહેરીને આવી ગઈ આ સ્ત્રી? અને જવાબ મળે છે: નવવારી કહેવાય છે આને... આ માત્ર કાપડ નથી અભિમાન છે... આ મરાઠી સાડીનું સન્માન છે અને મરાઠી માતાની ઓફ્ખ છે.

વલસાડ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Tuesday 03, November 2026

- વલસાડ
- અતુલ
- ગુંદલાવ
- ડુંગરી

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઇલ : edior.dgt@gmail.com - damangangatimes.com

દક્ષિણ ગુજરાતમાં પ્રથમ વખત વૈશ્વિક સ્તરનું આયોજન

વલસાડના ડો. એમ.એમ. કુરેશીએ VYROX એન્ડ્યુરન્સ ચેલેન્જ પુર્ણ કરી



ઉંમર માત્ર એક આંકડો છે, અસલ પડકાર ફક્ત તમારા પોતાના પર વિશ્વાસ રાખવાનો હોય છે : ડો. એમ.એમ. કુરેશી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડ રનર્સ ગ્રૂપ (VRG) દ્વારા દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમવાર આયોજિત અત્યંત કઠિન ગણાતી VYROX એન્ડ્યુરન્સ ચેલેન્જમાં જિલ્લાના જાણીતા અને પારડી હોસ્પિટલના સંચાલક ડો. એમ.એમ. કુરેશીએ ૬૩ વર્ષની ઉમરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ફિટનેસ ક્ષેત્રે પડકાર ઝીલી નવો દાખલો બેસાડ્યો છે. આ ચેલેન્જમાં ૭ કિલોમીટરનું રનિંગ અને તેની સાથે ૭ પડકારજનક ફિટનેસ એક્ટિવિટીઝથી કોઈપણ પ્રકારની ઈજા વગર સફળતાપૂર્વક પૂર્ણ કરવાની હોય છે. ડો. એમ.એમ. કુરેશીના જણાવ્યા મુજબ તેમની પાસે આવી સ્પર્ધા માટે કોઈ ચોક્કસ તાલીમ કે સજ્જતા ન હોવા છતાં કેયુર શાહ, ડૉ. અનીશ દિવાનજી, ડૉ. હેતલ શાહ, ડૉ. કલ્પેશ જોશી અને ડૉ. સંજીવ જેવા સાથીઓના સતત પ્રોત્સાહન અને વિશ્વાસને છેલ્લી ઘડીએ તેમણે આ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરાવી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે દક્ષિણ ગુજરાતમાં પ્રથમ વખત આ સ્તરની પ્રથમ એન્ડ્યુરન્સ ઈવેન્ટ લાવવા બદલ VRG ટીમની વ્યાપક પ્રશંસા કરી હતી. તેમણે સ્પર્ધાનો અનુભવ વર્ણવતા જણાવ્યુ કે સ્પર્ધા દરમિયાન દરેક સ્ટેશન પર કડક નિરીક્ષણ, સમર્પિત સ્વયંસેવકો, પૂરતા હાઇડ્રેશન પોઇન્ટ્સ, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી અને ઉત્સાહવર્ધક વાતાવરણ વચ્ચે સ્પર્ધકોએ પોતાનું કૌશલ્ય દર્શાવવાનું હોય છે. તેથી આ ઈવેન્ટ કોઈ કસોટી જેવી જણાય છે. પોતાની સફળતા અંગે ડો. એમ.એમ. કુરેશીએ જણાવ્યું હતું કે 'મેં કોઈપણ ઈજા વિના આ પડકાર પાર પાડ્યો છે. આ સિદ્ધિ માટે હું ઈશ્વરનો આભાર માનું છું. આ અનુભવે સાબિત કરી દીધું છે કે ઉંમર માત્ર એક આંકડો છે, અસલ પડકાર ફક્ત તમારા પોતાના પર વિશ્વાસ રાખવાનો હોય છે.

વાંકલ પ્રા. શાળાના શિક્ષિકાનો વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ :દોણી ફળિયા વાંકલ પ્રાથમિક શાળા, તાલુકો વલસાડ ખાતે શોભનાબેન આર. રાવતનો વિદાય સન્માન સમારંભ ભાવભીના વાતાવરણમાં યોજાયો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ પરમાર દ્વારા ખૂબ જ સરસ વક્તવ્ય અને શાયરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતના ભાવિ નાગરિકો અને સંસ્કૃતિનું સંવર્ધન કરનારા બાલદેવો ને જેમણે ૩૮ વર્ષ ૧મહિનો અને ૧૮ દિવસ જ્ઞાનદીપ પ્રજવલિત કર્યો એવા શોભનાબેન આર રાવત નો વિદાય સમારંભ ખુબ જ સરસ રીતે આયોજન કર્યો હતો. શાળાના શિક્ષણકાર્યમાં પોતાના અમૂલ્ય યોગદાન દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ, સહકર્મીઓ અને ગ્રામજનોના હૃદયમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરનાર શોભનાબેન આર. રાવતના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકમિત્રો અને ગ્રામજનોએ શોભનાબેન સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. તેમના કાર્યકાળ

દરમિયાન આપેલા સહકાર, માર્ગદર્શન, પ્રેમ અને સમર્પણની ભાવપૂર્વક પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે શોભનાબેનનું પુષ્પગુચ્છ, શાલ અને સન્માનભેટથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સહકર્મી શિક્ષકો અને ઉપસ્થિત સૌએ તેમના સુખમય, સ્વસ્થ અને આનંદમય ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

હાલરમાં સફાઈના નામે માત્ર ફોટોસેશન!

તળાવ, બગીચાઓ અને સોસાયટીઓમાં ગંદકી યથાવત, રહીશોમાં ભારે રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : શહેરના હાલર વિસ્તારમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલું કહેવાતું સફાઈ અભિયાન માત્ર એક દેખાડો અને 'ફોટોસેશન પૂરતું નાટક' હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવ્યા છે. જમીની વાસ્તવિકતા તપાસ્યા વગર કેમેરા સામે પોઝ આપીને માત્ર પ્રચાર મેળવવાની આ કામગીરી સામે સ્થાનિકોમાં ઉગ્ર નારાજગી જોવા મળી રહી છે.

રહીશોના જણાવ્યા મુજબ, તંત્ર જો ખરેખર સ્વચ્છતા લાવવા ગંભીર હોય તો વિસ્તારના મુખ્ય જાહેર સ્થળો અને રહેણાંક સોસાયટીઓની વાસ્તવિક સ્થિતિ જોવી જોઈએ. હાલર તળાવ, હાલર તળાવ ગાર્ડન, હાલર પોકેટ ગાર્ડન તેમજ જલ તરંગ એપાર્ટમેન્ટ સામે આવેલો બગીચો અત્યંત બિસ્માર હાલતમાં છે અને ત્યાં કચરાના ઢગલા જોવા મળે છે. આ ઉપરાંત, વિસ્તારની વિવિધ સોસાયટીઓ જેવી કે ?વશી ફળિયા આજુબાજુનો વિસ્તાર શ્રી નગર સોસાયટી હાલર પાણીની ટાંકી આજુબાજુનો પટ્ટો, મિશન કોલોની ટીવી રિલે કેન્દ્ર આસપાસનો વિસ્તાર, મહાદેવ નગર સોસાયટી, ઉપરોક્ત તમામ વિસ્તારોમાં લાંબા સમયથી સફાઈ કામદારો દ્વારા નિયમિત સફાઈ કરવામાં આવતી નથી.

સફાઈ કામગીરી નિયમિત કરાવવાના બદલે અધિકારીઓ કે આગેવાનો માત્ર અમુક ચોક્કસ જગ્યાએ સાવરણા પકડી, ફોટા પડાવીને 'સ્વચ્છતા થઈ ગઈ' હોવાનો ખોટો ભ્રમ ઊભો કરી રહ્યા છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે, માત્ર ફોટા સોશિયલ મીડિયા પર મૂકીને પ્રજાને ભ્રમિત કરવાનું બંધ કરવામાં આવે અને નિયમિત રીતે સફાઈ કામદારો મોકલીને તળાવ, બગીચા તેમજ તમામ સોસાયટીઓમાં કાયમી ધોરણે સ્વચ્છતા જળવાય તેવી નક્કર કામગીરી કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો રહીશોએ આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

વલસાડ જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા

વલસાડમાં જળદેવી મંદિરથી આંધિયાવાડ સુધી સફાઈ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉદેશ સાથે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જિલ્લા કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી દ્વારા શહેરના લુહાર ટેકરા વિસ્તારમાં આવેલા જળદેવી મંદિરથી આંધિયાવાડ સુધીના મુખ્ય માર્ગ પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

જિલ્લામાં સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરીનો પ્રચાર-પ્રસાર કરતી માહિતી ખાતાની ટીમે હાથમાં ઝાડુ ઉપાડી સફાઈ અભિયાનના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ જનજન સુધી પહોંચાડ્યો હતો. નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસાના નેતૃત્વ હેઠળ માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ પાલિકાની સફાઈ ટીમના સહયોગથી સફાઈ કરી આ વિસ્તારને સ્વચ્છ બનાવ્યો હતો.



સફાઈ અભિયાન દરમિયાન શહીદ ચોક વિસ્તારમાં લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ દ્વારા રોજબરોજ થતી ગંદકી અંગે દુકાનદારો, વેપારીઓ અને લારીગલ્લા વાળાને જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવવા તેમજ કચરાનો યોગ્ય નિકાલ કરવા અને સ્વચ્છતા જાળવવા માટે સમજણ આપી હતી. સવારે બે કલાક દરમિયાન હાથ ધરાયેલા સફાઈ અભિયાનમાં જળદેવી માતા મંદિરથી આંધિયાવાડ સુધીના મુખ્ય માર્ગને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવ્યો હતો.

આ સફાઈ અભિયાનમાં નગરપાલિકાના સ્થાનિક કોર્પોરેટર અને જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

વલસાડમાં સહકારી ક્ષેત્રની 3 સંસ્થાઓમાં નવા હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડની ત્રણ મહત્વની સહકારી સંસ્થાઓના નવા હોદ્દેદારોની ચૂંટણી ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ ગઈ હતી. ચૂંટણી અધિકારી પ્રાંત વિમલ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ પ્રક્રિયામાં તમામ સંસ્થાઓના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રી સહિતના તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. વલસાડ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘમાં પ્રમુખ પદે જયંતિ ઉકાભાઈ પટેલ, ઉપપ્રમુખ પદે કિશોર ઠાકોરભાઈ પટેલ તથા મંત્રી પદે નટુભાઈ મણિભાઈ નાયકની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લા સહકારી સંઘમાં પ્રમુખ પદે પંકજકુમાર જયંતિલાલ પટેલ, ઉપપ્રમુખ પદે કિરણ મગનભાઈ પટેલ અને મંત્રી તરીકે મુકેશભાઈ વ્રજલાલ પાનવાલા બિનહરીફ ચૂંટાયા હતા.વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ તાલુકા ખરીદ વેચાણ સંઘમાં પ્રમુખ પદે પંકજકુમાર જયંતિલાલ પટેલ અને ઉપપ્રમુખ પદે નૈલેશ શાનાભાઈ પટેલ બિનહરીફ જાહેર થયા હતા.

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવનિયુક્ત તમામ હોદ્દેદારોનું ઉપસ્થિત સહકારી અગ્રણીઓ અને ખેડૂત મિત્રો દ્વારા પુષ્પગુચ્છ આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સહકારી ક્ષેત્રના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

અબ્રામાની શિવાલય સોસા.માં શ્રીમદ ભાગવત સપ્તાહ સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડ શહેરના અબ્રામામાં આવેલ પ્રમુખ શિવાલય સોસાયટી માં શ્રીમદ્ ભાગવત સપ્તાહ માત્ર એક ધાર્મિક આયોજન નહોતું, પરંતુ સમાજની એકતા, નિ:સ્વાર્થ સેવા અને માનવતાનું એક અદ્ભુત ઉદાહરણ બની રહ્યું હતું.

પરમ પૂજ્ય અજય બાપુના પાવન સાનિધ્યમાં ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી યોજાયેલ આ દિવ્ય ભાગવત સપ્તાહે સમગ્ર સોસાયટીના સભ્યોને એક પ્રેમના સૂત્રમાં બાંધી દીધા. સાત દિવસ સુધી ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. આ સુંદર આયોજનને સફળ બનાવવામાં કલ્પેશસિંહ પરમાર, વિક્રમસિંહ ચૌહાણ, પાર્થ દેસાઈ, અને સોસાયટીના અન્ય તમામ મિત્રો એ ભારે જહમત ઉઠાવી હતી. દરરોજ સાંજે ૬ઃ૩૦ વાગ્યે સૌપ્રથમ પ્રસાદ રૂપી સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા, ત્યારબાદ પરમ પૂજ્ય બાપુની કથાનું શ્રવણ અને ભક્તિમાં ભક્તો લીન થયા હતા. ધર્મની સાથે સમાજસેવાનું એક મહાન કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું હતું.સોસાયટીના કોમન પ્લોટ પાસે આવેલ જળદેવી માતાના મંદિરને ચોમાસા દરમિયાન નુકસાન થયું હતું. માતાજીના આ પવિત્ર મંદિરનો જીર્ણોદ્ધાર થાય તેવા શુભ હેતુથી અનેક દાતા ઓએ લાખો રૂપિયાનું દાન નોંધાવ્યું હતું.

જેમાં પ્રમુખ કેટરર્સના પંકીત પટેલે દરરોજ પોતાની નિ:સ્વાર્થ સેવા આપી હતી.

વલસાડ પુસ્તક પરબ દ્વારા ચીખલાની વિહંગમ શાળામાં પુસ્તકદાન કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : ચીખલાની વિહંગમ માધ્યમિક શાળામાં ૧૭૫ પુસ્તકો અર્પણ કરાયાં; વાંચન સાથે જીવનઘડતર અને કારકિર્દી અંગે માર્ગદર્શન અપાયું

એપ્રિલ ૨૦૨૨થી વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં વાંચન સંસ્કૃતિના પ્રસાર માટે કાર્યરત પુસ્તક પરબ, વલસાડ દ્વારા હવે શૈક્ષિણક સંસ્થાઓમાં પુસ્તકો ભેટ આપવાની વિશેષ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. ડૉ. આશા ગોહિલ (મોટાપોંઢા કૉલેજ) અને એડવોકેટ હાર્દિકભાઈ પટેલ દ્વારા કાર્યરત પુસ્તક પરબની ટીમે છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાની ૩૪ સંસ્થામાં બાળકોને વયોચિત પુસ્તકો ભેટ કરીને વાંચન તરફ પ્રેરિત કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

વિહંગમ માધ્યમિક શાળામાં ખાસ કરીને કપરાડા સહિત જિલ્લાના અંતરિયાળ વિસ્તારોનાં બાળકો માધ્યમિક શિક્ષણ મેળવવા માટે રહીને અભ્યાસ કરે છે.



શાળાના આચાર્ય કલ્પેશભાઈ ટંડેલ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના સર્વાંગી વ્યક્તિત્વ ઘડતર માટે પણ સતત પ્રયત્નશીલ છે.

આ બાબતની જાણ થતાં પુસ્તક પરબની ટીમે શાળાના ધોરણ ૯થી ૧૧માં અભ્યાસ કરતા ૧૧૭ વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન, કળા, સાહિત્ય, પ્રેરક પ્રસંગો, મહાન વ્યક્તિત્વો, પ્રવાસન સહિતના વિવિધ વિષયોનાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાનાં આશરે ૧૭૫ પુસ્તકો તૈયાર કરીને શાળાને અર્પણ કર્યાં હતાં.

આચાર્ય કલ્પેશભાઈ ટંડેલે પુસ્તક પરબની ટીમનું સ્વાગત કરી એમની કામગીરીને બિરદાવી હતી. પુસ્તક પરબનાં ચેરપર્સન ડૉ. આશા ગોહિલ, કેયુરભાઈ રોહિત, ભારતીય વાયુસેનાના નિવૃત્ત અધિકારી અને પૂર્વએરફોર્સ કર્મચારી રાજુભાઈ ઓઝા, સુનિતાબેન ઢીમર, હાર્દિકભાઈ પટેલે પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

દિવાળીની રજાઓમાં વિદ્યાર્થીઓ પુસ્તકોને પૂરતો સમય આપે અને વેકેશન બાદ શાળાએ પરત ફરે ત્યારે પોતે વાંચેલાં પુસ્તકોની રસપ્રદ વાતો એકબીજા સાથે વહેંચે, જેથી વાંચન દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન અન્ય સુધી પણ પહોંચે, તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

વલસાડ શિક્ષણ વિભાગની ટીમ દ્વારા

લીલાપુર સર્કલ સ્થિત BPCL પંપ આસપાસ સફાઈ હાથ ધરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : 'સ્વચ્છ વલસાડ, સુંદર વલસાડ' સંકલ્પનાને સાકાર કરવાના ઉદેશ સાથે સમગ્ર વલસાડ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ સરકારી વિભાગોને ચોક્કસ વિસ્તારોની જવાબદારી સોંપી જાહેર સ્થળોને સ્વચ્છ બનાવવાની કામગીરીપૂરજોશમાં ચાલી રહી છે.

આ મહાઅભિયાન અંતર્ગત જિલ્લા શિક્ષણ વિભાગની ટીમે સક્રિય ભાગીદારી નોંધાવી હતી. શિક્ષણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ વલસાડના લીલાપુર સર્કલ નજીક આવેલા BPCL પેટ્રોલ પંપ તથા તેની આસપાસના પરિસરમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરી હતી. ટીમના સભ્યોએ જાતે શ્રમદાન કરી રસ્તાની આજુબાજુનો કચરો, પ્લાસ્ટિક વેસ્ટ અને સૂકા કચરાનો નિકાલ કર્યો હતો. શિક્ષણ વિભાગ દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવાય અને જાહેર સ્થળો ચોખ્ખા રહે તે માટે પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકો અને વેપારીઓને પણ પોતાના આસપાસના વિસ્તારમાં ગંદકી ન ફેલાવવા તથા કચરો નિયત સ્થળે જ નાખી 'સ્વચ્છ વલસાડ' અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

કલવાડાથી અટગામ ચરીનો રસ્તો બિસ્માર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૦૨ : વલસાડ તા.ના ૭૦૧ રાજ્ય ધોરીમાર્ગ ખેરગામના કલવાડા ચોકડી થી અટગામ-ચરી જતો રસ્તો મોટેભાગે સારો છે પણ જ્યાં જ્યાં વરસાદી પાણીથી નુકસાન થયું છે ત્યાં દિવાળી પૂર્વે સમારકામ જરૂરી હોવાનું ગ્રામજનો જણાવે છે.

અટગામ સામૂહિક કેન્દ્ર પછી તસવીરમાં દેખાય છે તે વળાંકમાં એક ગરનાળાની જરૂર છે જેથી ચોમાસામાં પાણી નિકાલ થઈ જતા ખરાબ ન થાય. અટગામ ગામના ચાર રસ્તા પાસે પણ રસ્તાઓ વરસાદી પાણીથી જ ભારે ખરાબ થયેલા છે જેનું ફરીથી નવીનીકરણ જરૂરી છે. આમ કલવાડા અટગામ વચ્ચે ટુકડે ટુકડે ઘણી જગ્યાએ ખાડા ખરાબી છે જે દિવાળી પૂર્વે જરૂરી સમારકામ કરી સમતળ કરવું જોઈએ એવી લોક લાગણી છે.

અટગામ બહાદુર ફળિયા જવાના રસ્તા પાસે આ બોર્ડસ બિનજરૂરી લગાવ્યા છે. પાંચ નામ લખેલું મોટું બોર્ડ ઉપયોગી જ નથી. બહાદુર ફળિયા લખેલા બે બે બોર્ડ મૂક્યા છે. જેના બદલે ત્રણ રસ્તા સામે કાટખૂણા વાળું એક જ બોર્ડ નાના અક્ષરે અટગામ અને મોટા અક્ષરે બહાદુર ફળિયા લખેલું જરૂરી છે જે બનાવવાનુ હવે તંત્ર ભૂલી ગયું છે. આ તો રોડ ફર્નિચરના નામે ભ્રષ્ટાચાર જ કહેવાય એવું ચર્ચાય છે.

લીલાપોર ગામે પ્રજાપતિ સમાજ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૨ : વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચા ના અધ્યક્ષ માનસિંહ પરમારની સૂચના અનુસાર વલસાડના લીલાપોર ગામે પ્રજાપતિ સમાજ સાથે સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ અને પ્રભારી નીલભાઈ રાવ, બીજા ઉપાધ્યક્ષ અને વલસાડ જિલ્લા પ્રભારી પ્રકાશભાઈ મોદી, પ્રદેશ મોરચાના મંત્રી ચેતનભાઈ પ્રજાપતિ, વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ નિલેશભાઈ ભંડારી, મહામંત્રી આનંદભાઈ પટેલ અને ગ્રેવીનભાઈ ટંડેલ, મંત્રી દિવ્યેશભાઈ પટેલ તથા પ્રજાપતિ સમાજના આગેવાનો, માતા-બહેનો, યુવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાપતિ સમાજના આ સંવાદ કાર્યક્રમને સફળ બનાવવા માટે વલસાડ શહેર બક્ષીપંચ મોરચાના મહામંત્રી તથા પ્રજાપતિ સમાજના પ્રમુખ નિકુંજભાઈ પ્રજાપતિ અને ઉપપ્રમુખ વિનયભાઈ પ્રજાપતિને ધન્યવાદ અને ખૂબ ખૂબ આભાર. આ પ્રસંગે છેક ગાંધીનગરથી પ્રજાપતિ સમાજ મુલાકાતે આવી અને પ્રજાપતિ સમાજ સાથે સંવાદ કરવા બદલ નિલભાઈ રાવ અને પ્રકાશભાઈ મોદીનું સન્માન કરી આભાર માનવામાં આવ્યો.

વલસાડ મધ્યસ્થ બસ સ્ટેશને જાહેરાતોનો ત્રાસ : જીપીએસનું એક જ ડિસ્પ્લે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૦૨ : વલસાડ જિલ્લા મથકે અધ્યતન બસ સ્ટેશન બનાવ્યા બાદ તેની ડિસ્પ્લે ટૂકજીવી નીવડી હતી. દરેક પ્લેટફોર્મની સરકતી ડિસ્પ્લે બંધ હાલતમાં છેલ્લા ચાર વર્ષથી છે, તંત્રને પુનર્જીવિત કરવાની તસ્દી મળી નથી. જ્યારે એકમાત્ર નંબર દર્શાવતી દસેક ડિસ્પ્લે મા હાલમાં જાહેરાતોનો ભરપૂર મારો ચાલે છે પરિણામે પ્રવાસીઓ પ્રતીક્ષા કરતા કરતા અવાજથી કંટાળી જાય છે જ્યારે બસની માહિતી મેળવવા માટે જે જીપીએસ ડિસ્પ્લે મૂકેલી છે તે એક માત્ર નાનીસ્ક્રીન અને ઊંચે છે જેથી ઘણાને તે વાંચવામાં તકલીફ પડે છે આવી ડિસ્પ્લે કંટ્રોલ કેબિન પાસે માણસની ઊંચાઈએ એટલે કે સાતેક ફુટ પર બે બે હોવી જોઈએ.



અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 03, November 2026

અરાજકતા સામે એકતા

બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસકામોના લોકાર્પણ કરી ગયા, કિસાનોના ખાતાંમાં કરોડો રૂપિયા પણ તેમણે સરકાર વતી જમા કરાવ્યા તે બધું તો પૂર્વયોજિત હતું, અગત્યનું તો હતું તેમણે શનિવારે સાંજે જે કહ્યું તે, અરાજકતાનો સામનો એકતાથી કરવો પડશે, જ્યારે-જ્યારે જરૂર પડે ત્યારે વિરોધપક્ષને બરાબર ઝાટકી નાખતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં બંને દિવસ વિપક્ષને આરપાર વીંધી નાખે તેવી વાત કરી. શનિવારે સાંજે એકતા પરેડ બાદ તેમણે કહ્યું કે, ૨૦૨૬ના અંત સુધીમાં નક્સલવાદ દેશમાંથી નાબૂદ થઈ જશે, પરંતુ હવે આપણે દિમાગી નક્સલોથી સાવધ રહેવાનું છે, ચેતવાનું છે. વડાપ્રધાનનો ઈશારો સીજેપી કે જંતરમંતર ઉપર આંદોલન કરતા અન્ય લોકો સામે હતો. આ વિધાન કે તેમણે જે શૈલીમાં આ વાત કરી તેના કરતાં સમગ્ર પ્રવચનનું જે નિમિત્ત તેમણે લીધું તે સૌથી અગત્યનું છે. સ્વતંત્ર થયેલા ભારતને પ્રજાસત્તાક બનાવવામાં જેમનું વિશિષ્ટ અને અનન્ય યોગદાન રહ્યું તેવા પ્રથમ નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી સમયે તેમણે રાષ્ટ્રીય એકતાની વાત કરી. ભારતને અખંડ બનાવવામાં વલ્લભભાઈનું કાર્ય અવિસ્મરણીય છે. વડાપ્રધાને કહ્યું કે, અત્યારે વૈશ્વિક અશાંતિ અને આંતરિક અરાજકતાનો સમય છે, ત્યારે આપણને રાષ્ટ્રીય એકતા જ બચાવી શકશે. આ એક વિધાનમાં ટુકડે-ટુકડે ગેંગ, સર્વોચ્ચ અદાલત સુધી ગયેલી કોંગ્રેસની કૂચ, જંતરમંતર પાસે થતાં નિવેદનો તે સૌનો જવાબ હતો. ઈન્ડિયા મોરચો અને તે સિવાયના પક્ષો કે સંગઠનો, વિદ્યાર્થી અગ્રણીઓની પ્રવૃત્તિ દેશની એકતા માટે જોખમી છે, તેવું વડાપ્રધાન માને છે અને તે દેશને પણ તેઓએ કહ્યું.

આ વર્ષના અંત સુધીમાં નક્સલી પ્રવૃત્તિઓનો અંત આવશે, પરંતુ જેઓ દિમાગી નક્સલ છે તેમનાથી હવે ચેતવાનું રહેશે તેમ કહીને બહુ મોટો મુદ્દો તેમણે મૂક્યો છે. તેમણે સીધી રીતે નથી કહ્યું, પરંતુ સંકેત તો એવો તારવી શકાય કે દેશમાં અત્યારે વિપક્ષ દ્વારા જે ચાલી રહ્યું છે, તે નવી તરેહનો નક્સલવાદ કે ઉગ્રવાદ જ છે. કોંગ્રેસના જ સમર્પિત નેતા સરદારસાહેબના જન્મદિવસની ઉજવણીમાં તેમણે વર્તમાન કોંગ્રેસ ઉપર જ અણિયાળા શબ્દબાણ ચલાવ્યાં તે પણ સૂચક છે. શુક્રવારે તેમણે બટેટામાંથી સોનું બનાવવાની રાહુલ ગાંધીની વાતનું પરોક્ષ સ્મરણ કરીને ગુજરાતની પીઠ થાબડી હતી. વડાપ્રધાનના બંને દિવસના પ્રવચનોમાં ભલે નવી કોઈ વાત હોય કે નહીં, પરંતુ એકતા-અરાજકતાની વાત કરવા માટે તેમણે નિમિત્ત શોધ્યું તે અગત્યનું છે અને બીજી મહત્ત્વની વાત એ છે કે, દેશમાં લાંબા સમયથી ચાલી રહેલાં આંદોલન, કોંગ્રેસ પ્રમુખ ખડગેએ કરેલાં નિવેદન, જંતરમંતર અને રામલીલા મેદાન સહિતના તમામ પ્રકરણનો પ્રતિકાર અને પ્રતિભાવ તેઓ કોઈ હિચકિચાહટ વગર આપી રહ્યા છે.

રાહુલ ગાંધી વાસ્તવિક સંસદમાં ક્યારેય વડાપ્રધાન નહીં બને :અમિત શાહ



કોંગ્રેસના નેતાઓ રાજકીય લાભ માટે જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે : ગૃહમંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)
હૈદરાબાદ, તા.૨ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે હૈદરાબાદમાં કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ ભલે નકલી સંસદનું આયોજન કર્યું હોય, પરંતુ તેઓ વાસ્તવિક સંસદમાં ક્યારેય દેશના વડાપ્રધાન બની શકશે નહીં. હૈદરાબાદમાં 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો' નામની કૂચ બાદ યોજાયેલી જાહેર રેલીને સંબોધિત કરતી વખતે અમિત શાહે આ નિવેદન આપ્યું હતું.

રેલી દરમિયાન અમિત શાહે તેલંગાણામાં કોંગ્રેસ સરકાર અને પાર્ટીની નીતિઓ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે સ્થાનિક નેતાઓ સાથે મળીને રાજ્યમાંથી કોંગ્રેસને ઉખેડી નાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતાઓ રાજકીય લાભ માટે જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ ભાજપ આ પ્રકારની રાજનીતિ સામે લડત ચાલુ રાખશે. અમિત શાહે હૈદરાબાદના ભારત સાથેના ઐતિહાસિક જોડાણનો ઉલ્લેખ કરતાં સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે જો સરદાર પટેલે હૈદરાબાદના નિઝામને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર ન કર્યા હોત, તો આજે હૈદરાબાદ ભારતનો ભાગ ન હોત. સરદાર પટેલના મજબૂત નિર્ણયને કારણે હૈદરાબાદ અને ત્યારબાદ તેલંગાણા ભારતનો અભિન્ન હિસ્સો બન્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

કોંગ્રેસની દિલ્હીમાં યોજાયેલી રેલી અંગે પણ અમિત શાહે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ગઈકાલે રાહુલ ગાંધી દ્વારા દિલ્હીમાં 'વોટ બચાવો' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, અમિત શાહના જણાવ્યા અનુસાર આ રેલીનો હેતુ મત બચાવવાનો નહીં, પરંતુ ઘૂસણખોરોને બચાવવાનો હતો. તેમણે કોંગ્રેસ પર ઘૂસણખોરોના મુદ્દે રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (NPR) અને મતદાર યાદી સંબંધિત મુદ્દે પણ અમિત શાહે કોંગ્રેસને ઘેરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી NPRનો વિરોધ કરીને બાંગ્લાદેશી ઘૂસણખોરોને બચાવવા અને તેમને દેશની મતદાર યાદીમાં જાળવી રાખવા માંગે છે.અમિત શાહે વધુમાં જણાવ્યું કે ભાજપનો સંકલ્પ છે કે દેશની મતદાર યાદીમાંથી ગેરકાયદેસર ઘૂસણખોરોને દૂર કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે વિરોધ પક્ષો ગમે તેટલો વિરોધ કરે, ભાજપ દરેક ઘૂસણખોરને મતદાર યાદીમાંથી દૂર કરવાની કાર્યવાહી ચાલુ રાખશે. હૈદરાબાદની આ રેલીમાં અમિત શાહે કોંગ્રેસની રાજનીતિ, ઘૂસણખોરોનો મુદ્દો અને તેલંગાણામાં ભાજપના રાજકીય લક્ષ્યોને લઈને આક્રમક વલણ અપનાવ્યું હતું.

હું વડાપ્રધાન મોદીને ડિબેટ કરવાનો પડકાર આપું છું: રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતાં તેમને ખુલ્લી ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન મોદી વિદેશી મદદના આધારે સત્તા સુધી પહોંચ્યા છે અને વિદેશી સમર્થનથી જ સત્તામાં ટકી રહ્યા છે. આ સાથે તેમણે કહ્યું કે કોઈપણ મંચ અને કોઈપણ સમયે ચર્ચા કરવા માટે તેઓ તૈયાર છે. રાહુલના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં વડાપ્રધાન મોદીને સંબોધીને લખ્યું હતું કે, મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો. તમે વિદેશી મદદથી PM બન્યા છો અને વિદેશી મદદથી જ PM બનેલા છો. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે દેશની આર્થિક વ્યવસ્થા વિદેશી તાકાતોના નિયંત્રણ અને સમર્થન પર ચાલી રહી છે. વિદેશી સોશિયલ મીડિયા પણ વડાપ્રધાનની સાથે ઊભું હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને સીધો પડકાર આપતાં



કહ્યું કે તેઓ આ મુદ્દે ખુલ્લી ચર્ચા કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે, કોઈપણ મંચ અને કોઈપણ સમય નક્કી કરી લો, જો હિંમત હોય તો આવો. જોકે, સાથે જ તેમણે એવો દાવો પણ કર્યો કે વડાપ્રધાન આ ચર્ચા માટે નહીં આવે, કારણ કે તેઓ રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવતા સવાલોથી ડરે છે.


રાહુલ ગાંધીનું આ નિવેદન વડાપ્રધાન મોદીના તાજેતરના સંબોધન બાદ આવ્યું છે. ૩૧ ઓક્ટોબરે ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલા એકતા નગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં PM મોદીએ કોંગ્રેસ અને વિપક્ષ પર નિશાન સાધ્યું હતું.

વડાપ્રધાને આરોપ લગાવ્યો હતો કે કેટલીક અવરોધક શક્તિઓ દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને અફવાઓ ફેલાવવામાં આવી રહી છે અને ભારતની છબી ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

એકતા નગરના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ દિમાગી નક્સલવાદ સામે પણ ચેતવણી આપી હતી. સાથે જ દેશમાં સેક્યુલર સિવિલ કોડ તરફ આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

PM મોદીના આ નિવેદન બાદ હવે રાહુલ ગાંધીએ વિદેશી મદદના મુદ્દે વળતો પ્રહાર કર્યો છે. એક તરફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે, તો બીજી તરફ રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલા ખુલ્લી ચર્ચાના પડકારને લઈને રાજકીય માહોલ ગરમાયો છે.

બંગાળની ખાડીમાં તોફાની મુરાસુ વાવાઝોડું સક્રિય



આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ૩ નવેમ્બરની સવારે લેન્ડફોલની શક્યતા; ૧૦૦થી ૧૧૦ કિમીની

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : દિવાળી પહેલાં દેશના હવામાનમાં ફરી પલટો આવવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલું ચક્રવાતી તોફાન મુરાસુ વધુ તીવ્ર બનતાં દક્ષિણ ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને તેજ પવનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ૨ નવેમ્બરની મોડી રાતથી ૩ નવેમ્બરની વહેલી સવાર દરમિયાન આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, મુરાસુ વાવાઝોડું નેલ્લોર અને નરસાપુર વચ્ચે દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિમી પ્રતિ કલાક રહેવાની અને ઝટકાની ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. વાવાઝોડાની અસરથી આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૨ નવેમ્બરના રોજ ગુજરાત સહિત દેશનાં અનેક રાજ્યોમાં વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, તેલંગાણા, કર્ણાટક, સિક્કિમ અને આસામમાં પણ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે.

કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાનમાં આવેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

IMDના અહેવાલ પ્રમાણે, ૨ નવેમ્બરની વહેલી સવારે મુરાસુ ચેન્નાઈથી આશરે ૨૬૦ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં સક્રિય હતું. વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું હતું. તેની અસરથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવનની ગતિ વધવાની શક્યતા છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ હવામાનમાં ફેરફાર થવાની શક્યતા છે. કેટલીક જગ્યાએ વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાઈ શકે છે. બીજી તરફ ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે, જેના કારણે ઠંડીનો અહેસાસ વધશે. ઉત્તરપ્રદેશના ઉન્નાવ, હરદોઈ,

ઈટાવા, હમીરપુર, અમેઠી, મેરઠ અને મોરાદાબાદ સહિતના વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. જ્યારે બિહારના સુપૌલ, પૂર્ણિયા, કિશનગંજ, જહાનાબાદ, પટના, ભોજપુર, ગયા અને ગોપાલગંજમાં પણ વરસાદ પડી શકે છે. વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવાની જરૂર છે. હવામાન વિભાગની તાજી સૂચનાઓ પર નજર રાખવી હિતાવહ છે.

અમેરિકી પત્રકાર ટકર કાર્લસનનો દાવો

નેતન્યાહૂના દબાણમાં ઈરાન પર પરમાણુ હુમલો કરવાની તૈયારીમાં ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૨ : અમેરિકાના પ્રખ્યાત પત્રકાર અને આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત ટકર કાર્લસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મોટો દાવો કરીને વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. તેમના જણાવ્યા મુજબ, ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન વિરુદ્ધ પરમાણુ હુમલો કરવા માટે ભારે દબાણ કરી રહ્યા છે. કાર્લસને દાવો કર્યો છે કે અમેરિકા આગામી ગણતરીના દિવસોમાં જ ઈરાનના મહત્ત્વપૂર્ણ સ્થળને નિશાન બનાવી શકે છે.

આ સંભવિત પરમાણુ હુમલામાં ઈરાનના પિકએક્સ માઉન્ટેનને નિશાન બનાવવામાં આવી શકે છે. ઇઝરાયલી ગુપ્તચર એજન્સીઓનું માનવું છે કે આ પહાડની ૩૦૦ ફૂટ નીચે આવેલી અંડરગ્રાઉન્ડ ટનલોમાં ઈરાને



પોતાનો પરમાણુ સંવર્ધન (ન્યુક્લિયર એનરિચમેન્ટ) પ્રોગ્રામ ફરી શરૂ કર્યો છે, જેને સામાન્ય શસ્ત્રોથી ભેદી શકાતા નથી. કાર્લસને દાવો કર્યો છે કે રાજકીય સંકટ અને વડાપ્રધાન પદ ગુમાવ્યા બાદ જેલ જવાના ડરથી નેતન્યાહૂ ટ્રમ્પને દરરોજ ફોન કરીને આ હુમલા માટે દબાણ કરી રહ્યા છે.

આ સંભવિત હુમલાના કારણે ખાડી દેશોમાં ભારે ભયનો માહોલ છવાયો છે. જો આ પ્રકારનો પરમાણુ હુમલો થાય તો તેનો રેડિયોએક્ટિવ ફોલઆઉટ ફારસની ખાડીને પ્રદૂષિત કરી શકે છે, જેનાથી કરોડો લોકોનું પીવાનું પાણી ઝેરી બની જવાનો ખતરો છે. ટકર કાર્લસને ચેતવણી આપી છે કે જો અમેરિકા આવું પગલું ભરશે તો તે દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી શકે છે, કારણ કે તેનાથી અન્ય પરમાણુ શક્તિસંપન્ન દેશો પણ આ પ્રકારના શસ્ત્રો વાપરવા માટે પ્રેરિત થઈ શકે છે.

યુક્રેનનો રશિયા ઉપર ભીષણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૨ : અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓ અગાઉ યુક્રેને રશિયાની ઓઇલ રિફાઇનરીઓ પર ફરીથી ડ્રોન હુમલા શરૂ કરી દીધા છે. રશિયન મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેને નિઝની નોવગોરોડની 'ક્સ્ટોવો રિફાઇનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઇનરી'ને નિશાન બનાવીને આગ ચાંપી દીધી હતી. આ હુમલાઓથી નારાજ ક્રેમલિને આક્ષેપ કર્યો છે કે કિયેવ (યુક્રેન) હવે અમેરિકાની સૂચનાઓ અને વિનંતીઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી રહ્યું છે.

અગાઉ અહેવાલો આવ્યા હતા કે યુક્રેન અમેરિકાના દબાણ સામે ઝૂકી ગયું છે અને રશિયન ઓઇલ રિફાઇનરીઓ પર હુમલા રોકવા સંમત થયું છે. જોકે, યુક્રેનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે જેરેડ કુશ્નર (ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ)ની ૩૦ દિવસ માટે હુમલા રોકવાની માંગણી ક્યારેય સ્વીકારી નહોતી. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક બળતણના ભાવ વધારા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને જવાબદાર ઠેરવ્યા હતા અને ગયા મહિને રશિયન ડીઝલ પરના પ્રતિબંધો પણ હટાવી લીધા હતા. યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, 'રશિયા દ્વારા યુક્રેનના શહેરી ઊર્જા મથકો પર થઈ રહેલા સતત મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપવો જરૂરી હતો. ઓક્ટોબર મહિનામાં રશિયાએ રેકોર્ડ ૫૪,૪૦૦ સૈનિકો (મૃત અને ઘવાયેલા) ગુમાવ્યા છે, જે યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. વધુમાં, ગયા મહિને યુક્રેને રશિયાના કબજામાંથી ૯૬.૨ ચોરસ કિલોમીટર જમીન પાછી મેળવી છે.' રશિયાના કબજાવાળા ઓલેશ્કી શહેરમાં અમેરિકાના ફર્સ્ટ લેડી મિલેનિયા ટ્રમ્પની મધ્યસ્થતાથી થયેલો ૬ દિવસનો યુદ્ધવિરામ રવિવારે રાત્રે પૂરો થયો છે. આ દરમિયાન સેંકડો નાગરિકો સુરક્ષિત રીતે પોતાના પરિવારને મળી શક્યા અને બંને પક્ષે તેને સફળ ગણાવ્યો. જોકે, યુક્રેનના નિરીક્ષકોનું માનવું છે કે રશિયાએ આ સમયનો ઉપયોગ પોતાના થાકેલા સૈનિકોને બદલવા અને મોરચો મજબૂત કરવા માટે કર્યો હતો. આ જ અઠવાડિયે રશિયા, યુક્રેન અને અમેરિકા વચ્ચે ત્રિપક્ષીય વાટાઘાટો થવાની શક્યતા છે. ક્રેમલિને જણાવ્યું છે કે, 'વ્લાદિમીર પુતિન ઝેલેન્સ્કી સાથે સીધી ફોન પર વાત કરવા તૈયાર છે, પરંતુ તેમાં યુરોપિયન નેતાઓને સામેલ કરવામાં નહીં આવે. દરમિયાન, યુદ્ધવિરામ પૂરો થતાં જ બંને દેશોમાં સાયબર હુમલાની ઘટનાઓ સામે આવી હતી, જેમાં યુક્રેનમાં રેડિયેશન એલર્ટની ખોટી માહિતી વાઇરલ થઈ હતી અને રશિયાની ઈમરજન્સી એપ પણ હેક થઈ હોવાનો દાવો કરાયો હતો.'

દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS


સોનાટા ગોલ્ડ ધનતેરસ માટે સોનાનાં સદાબહાર આકર્ષણની પુન:કલ્પના કરે છે

સુરત, તા.૦૨ : સોનાટાએ તેના સોનાટા ગોલ્ડ કલેક્શનની નવીનત્તમ આવૃત્તિ રજૂ કરી છે, જે ધનતેરસ માટે સોના આધારિત ઓફરિંગ્સમાં એક ઉચ્ચ ડિઝાઇન શૈલી અને તાજા રંગોની વિવિધતા લાવે છે.

નવું સોનાટા ગોલ્ડ કલેક્શન બે તાજા રંગો વાદળી અને લીલા રંગમાં ઉપલબ્ધ છે, જે આકર્ષક ગોલ્ડ-ટોન બેઝેલ દ્વારા પૂરક બને છે. સુંદર રીતે પ્રેસ કરાયેલી ડાયલ પેટર્ન ઘડિયાળને વધુ આકર્ષક બનાવે છે, જ્યારે તળીયાનાં કેન્દ્ર પર ૨૨ કેરેટ સોનાનો સિક્કો દરેક ઘડિયાળનું મુખ્ય આકર્ષણ બને છે. રૂ. ૮,૬૯૫ ની કિંમતથી શરૂ થતું નવું સોનાટા ગોલ્ડ કલેક્શન ટાઇટન વર્લ્ડ સ્ટોર્સ, અધિકૃત રિટેઇલ વેચાણકેન્દ્રો અને અગ્રણી ઇ-કોમર્સ પ્લેટફોર્મ પર તથા ઓનલાઇન ઉપલબ્ધ હશે. દરેક ઘડિયાળ જટીલ ક્રાઉનની ઝીણી વિગતો, આકર્ષક ઇન્ડાઇસિસ, ફરીથી ડિઝાઇન કરેલી મિનિટ રિંગ અને સુધારેલા કાંટા સાથે ઘડિયાળ શાનદાર ફિનિશ આપે છે અને સાથે ડાયલ વાંચવાની ક્ષમતાને વધારે છે. સોનાનાં સાંસ્કૃત્તિક મહત્ત્વને ફેશન ફોરવર્ડ ડિઝાઇન સાથે મિશ્ર કરીને આ કલેક્શન રોજિંદા જીવનમાં શુભ પ્રસંગોની ભાવનાને લાવવા માગતા ગ્રાહકો માટે વિશિષ્ટ ઘડિયાળ પ્રદાન કરે છે.

યુરોપમાં મોંઘવારી સામે ભારે આક્રોશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨
યુરોપના અનેક દેશોમાં મોંઘવારી, શિક્ષણ અને રહેણાંકની વધતી સમસ્યાઓ સામે યુવાનોનો આક્રોશ રસ્તા પર જોવા મળી રહ્યો છે. ળાન્સમાં સતત ત્રીજા વીકએન્ડે મોટા પાયે દેખાવો થયા, જ્યારે જર્મની અને પોર્ટુગલમાં પણ હજારો લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા. યુવાનોની આગેવાનીમાં યોજાયેલા આ દેખાવોએ યુરોપની સરકારોનું ધ્યાન ખેંચ્યું છે.ફ્રાન્સમાં મોંઘવારી અને શિક્ષણના મુદ્દે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની પ્રેરણાથી શનિવારે દેશભરમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પેરિસ સહિત અનેક શહેરોમાં દેખાવો યોજાયા હતા. શરૂઆતમાં પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યાં હતાં. હેલોવીનના રંગબેરંગી વેશભૂષામાં આવેલા દેખાવકારોને કારણે વાતાવરણ પણ હળવું જોવા મળ્યું હતું.જોકે, પેરિસ અને અન્ય શહેરોમાં પ્રદર્શનના અંતિમ તબક્કામાં



સ્થિતિ તંગ બની હતી. કેટલાક સ્થળોએ પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા, જ્યારે નાના જૂથો દ્વારા આગચંપી કરવાની ઘટનાઓ પણ સામે આવી હતી.ફ્રાન્સના ગૃહમંત્રી લોરેંટ નુનેઝે હેલોવીનની રાત્રે હિંસા અને અશાંતિ ફેલાવાની આશંકા વ્યક્ત કરી હતી. આને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં અંદાજે 70,000 સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.ળાન્સ સરકારના અંદાજ પ્રમાણે શનિવારના દેખાવોમાં દેશભરમાં લગભગ 3.20 લાખ લોકોએ ભાગ લીધો હતો. અગાઉના બે વિરોધ પ્રદર્શનોની સરખામણીમાં આ સંખ્યા ઓછી હતી, પરંતુ તેમ છતાં દેખાવકારોની સંખ્યા નોંધપાત્ર રહી હતી.સરકારી આંકડા અનુસાર, 17 ઓક્ટોબરના રોજ યોજાયેલા દેખાવોમાં 5.50 લાખ લોકો જોડાયા હતા, જ્યારે 24 ઓક્ટોબરે 4.10 લાખ લોકોએ વિરોધ નોંધાવ્યો હતો.ળાન્સની સાથે જ જર્મનીમાં પણ યુવાનોનો વિરોધ જોવા મળ્યો હતો. 'Gen Z Rebellion' એટલે કે 'જેન ઝેડ સંભાળી લેશે' નામના સંગઠન સાથે જોડાયેલા યુવાનોએ 30થી વધુ શહેરોમાં રેલીઓનું આયોજન કર્યું હતું.આ દેખાવકારોએ શિક્ષણ, આરોગ્ય સેવાઓ, પર્યાવરણ સંરક્ષણ અને જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવાની માંગ કરી હતી. આ ઉપરાંત સૈન્ય ભરતી ફરીથી લાગુ કરવાના નિર્ણયનો પણ વિરોધ કર્યો હતો.

રાજનાથ સિંહે નવા વાયુસેના પ્રમુખ આશુતોષ દીક્ષિત સાથે કરી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ : કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે સોમવારે ભારતીય વાયુસેનાના નવનિયુક્ત પ્રમુખ એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિત સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રક્ષામંત્રીએ તેમને નવી જવાબદારી અને આગામી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આશુતોષ દીક્ષિતે તાજેતરમાં ભારતીય વાયુસેનાના ૨૯મા ચીફ ઓફ ધ એર સ્ટાફ તરીકે કાર્યભાર સંભાળ્યો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મુલાકાતની જાણકારી આપતાં જણાવ્યું હતું કે, નવનિયુક્ત વાયુસેના પ્રમુખ એક ઉત્કૃષ્ટ વાયુ યોદ્ધા છે અને તેમના શાનદાર નેતૃત્વ માટે જાણીતા છે. તેમણે આશુતોષ દીક્ષિતના સફળ કાર્યકાળની કામના પણ કરી હતી. નેશનલ ડિફેન્સ એકેડમી (NDA)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી આશુતોષ દીક્ષિત ૬ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ ભારતીય વાયુસેનાની ફાઇટર સ્ટ્રીમમાં જોડાયા હતા. લગભગ ચાર દાયકાની કારકિર્દી દરમિયાન તેમણે ઓપરેશનલ કામગીરી, ફ્લાઇટ ટેસ્ટિંગ, સંરક્ષણ ક્ષમતાના વિકાસ અને સંયુક્ત સૈન્ય કામગીરી જેવા વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. તેઓ અનુભવી ફાઇટર પાઇલટ હોવાની સાથે લાયકાત ધરાવતા ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર અને એક્સપેરિમેન્ટલ ટેસ્ટ પાઇલટ પણ છે. તેમની પાસે મિરાજ-૨૦૦૦, મિગ શ્રેણીનાં વિવિધ વિમાનો, જગુઆર અને ટ્રાન્સપોર્ટ વિમાનો સહિતનાં અનેક વિમાનો ઉડાવવાનો ૩,૩૦૦ કલાકથી વધુનો અનુભવ છે. આશુતોષ દીક્ષિતે ભારતીય વાયુસેનાની લડાયક ક્ષમતા અને આધુનિકીકરણને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જગુઆર અને મિગ-૨૭ વિમાનોના અપગ્રેડ પ્રોજેક્ટ ઉપરાંત સ્વદેશી લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ માટે ઇનિશિયલ ઓપરેશનલ ક્લિયરન્સ (IOC) અને ફાઇનલ ઓપરેશનલ ક્લિયરન્સ (FOC)ની પ્રક્રિયામાં પણ તેમનું યોગદાન રહ્યું છે.

અન્ય સમાચારો

Tuesday 03, November 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

આજે ઘોડમાળથી રૂ.૧૯૦.૬૨ કરોડના વિકાસકાર્યોનો ભૂમિપુજન સમારોહ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૦૨ : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને તા.૦૩/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ વાગે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઘોડમાળ સ્થિત PHC ઘોડમાળ ખાતે માર્ગ અને મકાન, રમતગમત વિભાગોના વિવિધ વિકાસકાર્યોનું ભુમિપૂજન સમારોહ યોજાશે.

નાયબ મુખ્યમંત્રીના હસ્તે થનાર ખાતમુહૂર્ત કાર્યોની વિગતો જોઈએ તો રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૧૧.૩૦ કરોડના ખર્ચે વાંસદા ખાતે વાંસદા વાંસીયાતળાવ બોરિયાચ ખાટા આંબા કણધા સુધીના રસ્તાનું રીસરફેસિંગના કાર્યનું ભુમિપુજન, આ ઉપરાંત વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં રૂ.૫૫.૨૩ કરોડના ખર્ચે પાંચ જેટલા રસ્તાઓના કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના વાંસદા તાલુકામાં રૂ.૫૯.૬૫ કરોડના ખર્ચે સાત જેટલા રસ્તાના કામોનું ખાતમુહૂર્ત, આ ઉપરાંત વાંસદા તાલુકાના જુદા જુદા ગામોમાં નોનપ્લાનકક્ષાના રસ્તાઓ, કોઝવે ટુ બ્રિજો સહિત રૂ.૪૭.૯૨ કરોડના ખર્ચે ૩૩ જેટલા કામોનું ભુમિપુજન થશે.

રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હસ્તક દ્વારા રૂ.૬૧૩ લાખના ખર્ચે ચિખલી ખાતે રૂ.૫૫૫ લાખના ખર્ચે ખેરગામ તથા રૂ.૪૮૪ લાખના ખર્ચે વાંસદા તાલુકામથકે ભગવાન બિરસા મુંડા તાલુકાકક્ષાની લાયબ્રેરીના નિર્માણના કામોનું ભુમિપુજન થશે.

આ અવસરે નાણામંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસમંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી તથા અન્ય પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહેશે. નવસારી જિલ્લાના વિકાસને વધુ વેગ આપતા આ ખાતમુહૂર્ત સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાપીમાં પત્રકાર પર જુગાર માફિયાનો હુમલો, પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : વાપી રેલ્વે સ્ટેશન સામે એવરસાઈન ટાવરમાં રહેતા એક સાપ્તાહિકના પત્રકાર, તંત્રી ક્રિષ્ના ઘનશ્યામભાઈ ઝા (ઉ.વ. ૨૯) પર જની અદાવતમાં હુમલો થયો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તા.૦૧/૧૧/૨૦૨૬ના રોજ સાંજે પોણા ૬ વાગ્યે તેઓ પોતાની સ્કોર્પિયો કાર લઈ ઓફિસેથી ઘરે જતાં હતાં. એવરસાઈન બિલ્ડીંગના પાર્કિંગમાં કાર ઉભી રાખી ઉતરવા જતાં પાછળથી કાળા કલરની એન્ડેવર કાર આવી હતી. તેમાંથી ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા વિજય ગુપ્તાએ 'તને તારી પત્રકારીતા ઉતારું છું' કહી ગાળો આપી હતી.

ત્યારબાદ પત્રકાર નીચે ઉતરતા વિજય ગુપ્તાની બાજુમાં બેઠેલા ગેનોરાગ ઉર્ફે ગુડ્ડુ માહ્યાવંશી અને એન્ડેવરમાંથી ઉતરેલા અન્ય ત્રણ શખ્સો જેમાં સુરજ શર્મા સહિત બે અજાણ્યા ઈસમોએ ઢીકા પાટુનો માર માર્યો હતો. જુગારના કેસના ન્યુઝ ચલાવે છે, આજે તને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. હુમલામાં પત્રકારની ચેઈન અને ઘડિયાળ તૂટી ગઈ હતી. મોઢા, માથા અને શરીરે ઈજાઓ થતાં તેઓને વાપી છીરીની સંવેદના હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ અંગે પોલીસે મુકેશ ઉર્ફે વિજયભાઈ જીતુપ્રસાદ ગુપ્તા, ગેનોરાગ ઉર્ફે ગુડ્ડુ માહ્યાવંશી, સુરજ શર્મા અને બે અજાણ્યા સહિત પાંચ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એ.પી. પટેલ
ફો.પ.અ.નં.૮૧૦/૨૦૨૬

અરજદાર : **સુનિલભાઈ વજીરભાઈ નાયકા**
રહે. મોટા નાયકવાડ ફળિયા, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ-મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી**
વાપી મહાનગરપાલિકા

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૧૦/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારની નાની **રઘલીબેન બાબુભાઈ નાયકનાઓ**નું ૧૬/૧૨/૨૦૦૩ના રોજ મોટા નાયકવાડ ફળિયા, તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની નાનીની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના નાનીનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૨જી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એ.પી. પટેલ
ફો.પ.અ.નં.૮૪૯/૨૦૨૬

અરજદાર : **સુમનભાઈ છગનભાઈ પટેલ**
રહે. ઉજવલ નગર, ગુંદલાવ, તા.જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ-મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી**
વાપી મહાનગરપાલિકા

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૪૯/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પિતા **છગનભાઈ ભુલાભાઈ પટેલનાઓ**નું ૧૧/૦૮/૧૯૭૫ના રોજ કુંભારવાડ, તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના પિતાની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના પિતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૨જી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એ.પી. પટેલ
ફો.પ.અ.નં.૮૦૮/૨૦૨૬

અરજદાર : **પાર્વતિબેન શાંતુભાઈ હળપતિ**
રહે. કાંઠાવાડ, દેસાઈવાડ, નામધા, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ-મરણ સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી**
વાપી મહાનગરપાલિકા

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૦૮/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના સાસુ **ધનીબેન રણછોડભાઈ હળપતિનાઓ**નું ૧૮/૦૧/૨૦૦૬ના રોજ કાંઠાવાડ, દેસાઈવાડ, નામધા, તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના સાસુની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના સાસુનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૨જી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એ.પી. પટેલ
ફો.પ.અ.નં.૮૦૯/૨૦૨૬

અરજદાર : **મીનાબેન બલવંતરાય ભાટકર**
રહે. માહ્યાવંશી ફળિયું, પોસ્ટ ઓફીસ પાસે, કરવડ,તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ-મરણ સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી**
વાપી મહાનગરપાલિકા

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૦૯/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના દાદી સાસુ **રતનબેન શુક્કરભાઈ ભાટકરનાઓ**નું ૦૯/૦૭/૧૯૮૬ના રોજ માહ્યાવંશી ફળિયું, પોસ્ટ ઓફીસ પાસે, કરવડ, તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના દાદી સાસુની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના દાદી સાસુનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૨જી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

જાહેર નોટીસ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વ.શ્રી.પી.પી. ગજરે
ફો.પ.અ.નં.૮૭૭/૨૦૨૬
મુદત તા.૨૧/૧૧/૨૦૨૬

અરજદાર : **સંતોષ ઘનશ્યામ પટેલ**
ઉંમર-૨૮, ધંધો - નોકરી
રહે. આઝાદનગર દેગામ રોડ શિવ મંદિર પાસે, ડુંગરી ફળિયા, વાપી, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ-મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી**
વાપી મહાનગરપાલિકા વાપી

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૭૭/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના દાદીના નામે રામપતિ રાજનાથ પટેલ,નું મરણ ૧૪/૦૭/૨૦૨૪ના રોજ મોજે, ડુંગરી ફળિયા, વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના દાદીની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના દાદીનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૧-૧૧-૨૦૨૬નાં રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/ અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૨મી માહે ઓક્ટોબર સને ૨૦૨૬ના રોજ અમારી સહી તથા કોર્ટ સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર
સહી/-
(એમ.બી. મણવર)
આસિસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર અને હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૬૫/૨૦૨૬
મુદત તારીખ : ૦૩/૧૨/૨૦૨૬

અરજદાર : નટુભાઈ મગનભાઈ પટેલ
રહે. નાની ઢોલડુંગરી, દાદરી ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી, નાની ઢોલડુંગરી
જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પત્ની **રુશનબેન નટુભાઈ પટેલનું** મરણ તા.૦૬/૦૫/૨૦૦૯ના રોજ મોજે ગામ-નાની ઢોલડુંગરી, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજરોજ તા.૨૯મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
સહી/-
(એચ.એન. પટેલ)
આસિસ્ટન્ટ
સીવીલ કોર્ટ, ધરમપુર

મુકાબલ કરનાર
સહી/-
(એમ.વી. પટેલ)
સુપ્રિટેન્ડેન્ટ,
સીવીલ કોર્ટ, ધરમપુર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.એમ. ડાભી)
રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,
ધરમપુર

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૮૪/૨૦૨૬
મુદત તારીખ : ૦૩/૧૨/૨૦૨૬

અરજદાર : દેવાજુભાઈ ઉલ્કાભાઈ પાસરીયા
રહે. કરંજવેરી, પટેલ ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી,
તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ-પંચાયત, કરંજવેરી
તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પુત્રી **નિકિતાબેન દેવાજુભાઈ પાસરીયાનો** જન્મ તા.૨૩/૧૨/૨૦૧૩ના રોજ મોજે ગામ-કરંજવેરી, પટેલ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજરોજ તા.૨૯મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
સહી/-
(એચ.એન. પટેલ)
આસિસ્ટન્ટ
સીવીલ કોર્ટ, ધરમપુર

મુકાબલ કરનાર
સહી/-
(એમ.વી. પટેલ)
સુપ્રિટેન્ડેન્ટ,
સીવીલ કોર્ટ, ધરમપુર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.એમ. ડાભી)
રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,
ધરમપુર

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૪૯/૨૦૨૬

અરજદાર : પરિમલ ગજુભાઈ પટેલ
બોરીપાડા ફળિયા, કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગજુભાઈ છનાભાઈ પટેલનું** મરણ તા.૩૦/૦૪/૧૯૮૮ના રોજ મોજે કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કાકડકોપરના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કાકડકોપરને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કાકડકોપર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૪૧/૨૦૨૬
મુદત તારીખ : ૦૪/૧૨/૨૦૨૬

અરજદાર : રમણભાઈ જાનાભાઈ બરફ
રહે. હૈદરી, મુળગામ નિશાળ ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ **(વિ.વ.શ્રી. એમ.બી. ગજરે)**
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી, હૈદરી
જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના કાકી (મોટી બા) **ઝીંગુબેન ધાકલભાઈ બરફનું** મરણ તા.૦૩/૧૦/૨૦૨૦ના રોજ મોજે ગામ-હૈદરી, મુળગામ નિશાળ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજરોજ તા.૦૨મી, માહે-નવેમ્બર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
સહી/-
(એચ.એન. પટેલ)
આસિસ્ટન્ટ
સીવીલ કોર્ટ, ધરમપુર

મુકાબલ કરનાર
સહી/-
(એમ.વી. પટેલ)
સુપ્રિટેન્ડેન્ટ,
સીવીલ કોર્ટ, ધરમપુર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.એમ. ડાભી)
રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,
ધરમપુર

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે સુખાલા તાલુકો કપરાડા, જી. વલસાડ ખાતે આવેલ ખાતા નં.૬૩૯ વાળી આવેલી ખેતીની જુની શરતના સર્વે નં.૮૧૧ જેનું ક્ષેત્રફળ કુલ્લે ૧-૨૬-૭૪ છે. તે ખેતીવાડી મિલકત હાલમાં વણવહેંચાયેલી અને પ્રભુભાઈ નારણભાઈ પટેલ અને શશીકાંતભાઈ શંકરભાઈ પટેલ રહે. સુખાલાના નામે ચાલી આવેલ છે. તેમની સહમાલિકીની તથા સહકબ્જા વહીવટની હોવાનું જણાવી સદરહું મીલ્કત અમારા અસીલ પ્રભુભાઈ નારણભાઈ પટેલના ભાગે આવતી હે.૦-૬૩-૩૭ ચો.મી. વાળી જમીન વેચાણથી આપવા નક્કી કરેલ છે. તો સદરહું મિલ્કતમાં કોઈનો પણ હક્ક, હિસ્સો, લાગ, ભાગ, દર, દાવો, બોજો, લીયન, ઈઝમેન્ટ રાઈટસ, ભરણપોષણના હક્કો તેમજ કોઈ લીટીગેશન ચાલુ હોય તો તેમણે આ નોટીશ પ્રસિદ્ધ થયાથી દિન-૧૪માં તેવા હક્ક દાવાઓ સબંધી દસ્તાવેજી પુરાવાઓ સાથે લાવી હમોને હમારી ઓફીસે મળી કાત્રી કરાવવી. નહીંતર સદરહુ મુદત વિતેથી મજકુર મિલકતમાં ઉપરોક્ત સહમાલિકો સિવાય અન્ય કોઈનો હક્ક, હિસ્સો નથી અથવા હોય તો તે જતા કરેલ છે. એવું માની મજકુર મિલ્કતનો કાયદેસરનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલ સદરહુ મિલ્કતનાં સહમાલીકો પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ મજકુર મિલ્કતનાં હક્ક, દાવા સબંધી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું :
૭૦૯, કેપીટલ બિઝનેશ સેન્ટર, વાપી,
તા.વાપી, જી.વલસાડ, ૩૯૬૧૯૫,
મો.નં.૮૪૦૧૪ ૨૪૪૪૪

લિ
સહી/-
(કલ્પેશ સી. દમણીયા)
તે મિલ્કત વેચાણ લેનારના
એડવોકેટ

GUJARAT ENERGY LIMITED, GANDHINAGAR

GUJARAT ENERGY
Securing India's Energy Future
(Erstwhile Gujarat Gas Limited)

India's Largest CGD Company - ISO 9001:2015 & 45001:2018 certified Govt. of Gujarat undertaking


જેને લાગુ પડતું હોય તેના માટે

આથી જાહેર કરવામાં આવે છે કે મે. ગુજરાત એનર્જી લિમિટેડ (અગાઉની **મે. ગુજરાત ગેસ લિમિટેડ**), જેનું સરનામું ઓફિસ નં. ૪ અને ૫, ગ્રાઉન્ડ ફ્લોર, આઈટી ટાવર-૨, ઈન્ફોસિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૯ છે, તેને **કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી ખાતે અંદાજે ૪૦.૪૯૫ કિમી લંબાઈની, ૬/૮ વ્યાસની સ્ટીલ અને ૧૨૫ એમએમ વ્યાસની પીઈ (પોલીએથિલિન) નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન પાઇપલાઇન નેટવર્ક અને સંબંધિત સુવિધાઓ સ્થાપવાના પ્રોજેક્ટ માટે ફાઇલ નં: IA-J-11011/419/2024-IA-II(I), તારીખ: ૧૫.૧૦.૨૦૨૬**ના રોજ પર્યાવરણીય મંજૂરી (Environmental Clearance) આપવામાં આવી છે.

આ પર્યાવરણીય મંજૂરી પત્રની નકલ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, નવી દિલ્લીની વેબસાઈટ (http://parivesh.nic.in) પર તેમજ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, કેન્દ્ર શાસિત દમણ અને દીવ, દાદરા નગર હવેલીની સંલગ્ન પ્રાદેશિક કચેરીઓ પર ઉપલબ્ધ છે.

ગુજરાત એનર્જી લિમિટેડ
ઓફિસ નં. ૪ અને ૫, ગ્રાઉન્ડ ફ્લોર, આઈટી ટાવર-૨,
ઇન્ફોસિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૯.

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC,
ફ્લાયપર, ઈબ્લુ
ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીચુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh, Siyaram's, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ


દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

Jai Jalaram Bapa

Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઇ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

Tuesday 03, November 2026

દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

વાપી વીઆઈએમાં મુખ્યમંત્રી સાથે સાથે જિલ્લામાં કુલ રૂ. ૪૪૧ કરોડનાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

આજે વાપીમાં મીની સિવિલનું લોકાર્પણ

વાપીમાં રૂ. ૪૮.૨૨ કરોડના ખર્ચે ૧૫૦ બેડની નવનિર્મિત સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ લોકાર્પણ કરશે : નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂ. ૪૮.૨૨ કરોડના ખર્ચે નવનિર્મિત વાપીની ૧૫૦ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તા. ૦૩ નવેમ્બર ના રોજ બપોરે ૧ કલાકે લોકાર્પણ કરાશે. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ અને આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબ શિક્ષણ, (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ રાજ્ય કક્ષાના મંત્રી પ્રફૂલભાઈ પાનસેરીયાની ગરીમામય ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે વાપી મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ અને વલસાડ ડાંગના સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. બપોરે ૨ કલાકે વાપીના વીઆઈએ ખાતે કનુ દેસાઈ ઓડીટોરિયમમાં વલસાડ જિલ્લામાં કુલ રૂ. ૪૪૧ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાશે.જેમાં રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ અને વલસાડ-ડાંગના સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલભાઈ પટેલ તેમજ જિલ્લાના સર્વે ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

વાપી સ્ટેશને પ્લેટફોર્મ ટિકીટોનું વેચાણ અટકાવાયું

દિવાળી પર્વને કારણે વતન જતાં લોકોને મુકવા જનારાઓના ધસારાને કારણે પ્લેટફોર્મ પર અવ્યવસ્થા ટાળવા વ્યવસ્થા કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : દિવાળીના તહેવારો દરમિયાન ટ્રેનોમાં મુસાફરોની વધતી ભીડને ધ્યાને રાખીને વાપી રેલવે સ્ટેશન પર તારીખ ૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે. તહેવારો દરમિયાન રેલવે સ્ટેશન પર થતી ભીડને નિયંત્રિત કરવા રેલવે વિભાગ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.વાપી તેમજ સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણના ઔદ્યોગિક વિસ્તારોમાં મોટી સંખ્યામાં કામદારો અને ઉદ્યોગકારો દેશ ના દરેક રાજ્ય માંથી અહીં વસવાટ કરે છે. દિવાળીના તહેવારની ઉજવણી માટે દર વર્ષે મોટી સંખ્યામાં લોકો પોતાના વતન જવા ટ્રેનનો સહારો લેતા હોય છે. પરિણામે વાપી રેલવે સ્ટેશન પર રોકાતી મોટાભાગની ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળે છે.

આ ઉપરાંત મુસાફરોને વિદાય આપવા આવતા સગા-સંબંધીઓ અને અન્ય લોકોના કારણે પ્લેટફોર્મ પર ભીડમાં વધારો થતો હોય છે. આવી સ્થિતિમાં મુસાફરોની સુરક્ષા અને સુચારુ વ્યવસ્થા જાળવવાના હેતુથી રેલવે વિભાગે ૧૫ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

સાથે જ પ્લેટફોર્મ પર માન્ય ટિકિટ વિના પ્રવેશ કરી બિનજરૂરી રીતે ફરતા લોકો સામે પણ રેલવે વિભાગે તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

આજે વલસાડમાં રાજયના પ્રથમ 'પ્રભા' પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ

જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં કુલ ૧૦ સ્થળોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો માટે સ્થળો નિર્ધારિત કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ વલસાડ જિલ્લાનામાં વિકાસ કાર્યોની ભેટ આપવા માટે તા. ૩ નવેમ્બરને મંગળવારે વલસાડ આવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં પ્રથમવાર વલસાડ શહેરના તિથલ રોડ પર કલેકટર બંગલા પાસે બપોરે ૧૨-૩૦ કલાકે ''પ્રભા- પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું મુખ્યમંત્રી લોકાર્પણ કરશે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર ઉપલબ્ધ થાય અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ પેદાશો સરળતાથી મળી રહે તે હેતુથી 'પ્રભા - પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો' શરૂ કરવાની પહેલ કરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર ઉપલબ્ધ થાય અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ પેદાશો સરળતાથી મળી તેવા આશય સાથે વિવિધ વિસ્તારોમાં કુલ ૧૦ સ્થળોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો માટે સ્થળો નિર્ધારિત કરવામાં આવ્યાં છે. આ કેન્દ્રો દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનાં તાજાં શાકભાજી, મોસમી ફળો, અનાજ, કઠોળ, મસાલા તથા અન્ય કૃષિ પેદાશો અને મૂલ્યવર્ધિત ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવામાં આવશે. આ વેચાણ કેન્દ્રોનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવાનો, ખેડૂતોને તેમના ઉત્પાદનોના વેચાણ માટે વધુ તકો પૂરી પાડવાનો અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના પ્રચાર-પ્રસારને વેગ આપવાનો છે. આ માધ્યમથી ખેડૂતોને સ્થાનિક બજાર ઉપલબ્ધ થવાની સાથે ગ્રાહકોમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત પેદાશો અંગે જાગૃતિ વધશે. જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે, તેમની પેદાશોનું યોગ્ય વેચાણ થાય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિમાં વધારો થાય તે દિશામાં આ પહેલ મહત્વપૂર્ણ સાબિત થશે.

કાંજણરણછોડ ગ્રા.પં.ના મહિલા સભ્યને ગેરલાયક ઠરાવાયા

પતિના નામે પંચાયતમાંથી નાણાકીય લાભ લેવાના કેસમાં TDO દ્વારા કડક કાર્યવાહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડ તાલુકાની કાંજણરણછોડ ગ્રામ પંચાયતના વોર્ડ નં-૩ ના સભ્ય સામે ગેરરીતિ અને નાણાકીય લાભ મેળવવાના મામલે પંચાયતના નિયમોનું ઉલ્લંઘન કરી પતિના નામે પંચાયતમાંથી કામનું ચૂકવણું મેળવવા બદલ સભ્ય હોદ્દા પરથી તાત્કાલિક અસરથી ગેરલાયક ઠેરવતો હુકમ તાલુકા વિકાસ અધિકારી એ કરતા પંચાયતના સભ્યોમાં ખડભરાટ મચી ગયો છે. વલસાડ તાલુકાના કાજણ રણછોડ ગામે રહેતા અરજદાર રતિલાલ છગનભાઈ પટેલ દ્વારા 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ' અંતર્ગત રજૂઆત કરવામાં આવી હતી કે, કાંજણરણછોડ ગ્રામ પંચાયતના વોર્ડ નં-૩ ના સભ્ય રોશનાબેન પટેલે પોતાના પરિવારના સભ્યને પંચાયતનું કામ આપી નાણાકીય લાભ પહોંચાડ્યો છે. આ અરજીના પગલે તંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસમાં સામે આવ્યું હતું કે, ગ્રામ પંચાયત કાંજણરણછોડ દ્વારા સભ્યના પતિ મનીષભાઈ ડી. પટેલના નામે રસ્તા રીપેરીંગના માલ-મટીરીયલ પેટે ૧૩,૪૦૦ નું ચૂકવણું ચેક મારફતે કરવામાં આવ્યું હતું. આ બાબતે તાલુકા પંચાયત કચેરી દ્વારા નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવતા સભ્યે લેખિત જવાબ આપ્યો હતો કે, તેમના પતિ અન્ય મિત્રો સાથે માલ-મટીરીયલ સપ્લાયનું કામ કરતા હોવાથી રસ્તા રીપેરીંગનું કામ કરવામાં આવ્યું હતું અને કાયદાની યોગ્ય જાણકારીના અભાવે આ ભૂલ થઈ હતી. જોકે, સક્ષમ અધિકારી દ્વારા આ ખુલાસો ગ્રાહ્ય રાખવામાં આવ્યો નહોતો. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૩૦(જ) અનુસાર, ગ્રામ પંચાયતના કોઈપણ સભ્ય અથવા તેમના ભાગીદાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પંચાયતના કામમાં કે નાણાકીય વ્યવહારમાં હિત સંબંધ ધરાવતા હોય તો તેઓ સભ્ય પદે ચાલુ રહેવા ગેરલાયક ઠરે છે. આ જોગવાઈ અને કલમ ૩૨ હેઠળ મળેલી સત્તાની રૂએ વલસાડ તાલુકા વિકાસ અધિકારી કેતન એ. સોલંકીએ કાંજણરણછોડ ગ્રામ પંચાયતના સભ્ય રોશનાબેન મનીષભાઈ પટેલને પંચાયત સભ્ય તરીકે તાત્કાલિક અસરથી ગેરલાયક ઠેરવતો આખરી હુકમ જારી કર્યો છે.

દમણમાં પોતાની હોટલમાંથી હોટલ માલિકનો જ મૃતદેહ મળ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૨ : દમણના દાભેલમાં હોટેલ સિદ્ધાર્થમાં સોમવારે સવારે હોટલ માલિકનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ હિમાંશુ ગોસ્વામી તરીકે થઈ છે, જે મૂળ રાજસ્થાનનો છે.

મળતી માહિતી મુજબ, હિમાંશુ ગોસ્વામી છેલ્લા પાંચ વર્ષથી સોમનાથ-દાભેલ મુખ્ય માર્ગ પર આવેલી હોટેલ સિદ્ધાર્થ ચલાવતો હતો. સોમવારે સવારે જ્યારે હોટલ સ્ટાફે સફાઈ માટે રૂમ નંબર ૧૦૪ ખોલ્યો ત્યારે હિમાંશુ ગોસ્વામી અંદરથી મૃત હાલતમાં મળી આવ્યો હતો.

ઘટનાની માહિતી મળતાં, હોટલ સ્ટાફે તેમને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી. પોલીસ ઘટનાની આસપાસના તથ્યો સ્થાપિત કરવા માટે હોટેલના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે. હાલમાં, તેઓ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. રિપોર્ટ આવ્યા પછી જ મૃત્યુનું કારણ બહાર આવશે. પોલીસ આ કેસમાં આગળની કાર્યવાહી કરી રહી છે.

આજે વલસાડ જિ.પં.ના નવા ભવનનું પણ લોકાર્પણ

રૂ. ૩૭.૫૦ કરોડના ખર્ચે નિર્મિત ગ્રાઉન્ડ પાંચ એટલે કે છ માળના આધુનિક ભવનની નાગરિકોને ભેટ મળશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રૂ. ૩૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત વલસાડ જિલ્લા પંચાયતના આધુનિક અને સુવિધા સભર ભવનનું લોકાર્પણ તા. ૩ નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરાશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામ્ય ગૃહનિર્માણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ અને મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસના રાજ્ય કક્ષાના મંત્રી સંજયસિંહ મહિડા, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ તેમજ જિલ્લાના સર્વે ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

દિવાળી પૂર્વે ગ્રાઉન્ડ પાંચ એટલે કે છ માળના આધુનિક જિલ્લા પંચાયત ભવનની નાગરિકોને ભેટ મળવાથી નાગરિકોને સરકારી કામકાજ માટે અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવાની મુશ્કેલી ઘટશે. આ ભવનની સૌથી મોટી વિશેષતા એ છે કે, જિલ્લા કક્ષાની વિવિધ પંચાયત કચેરીઓને એક જ સંકુલમાં કાર્યરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આનાથી વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે, વહીવટી કામગીરી વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને બે પેસેન્જર લિફ્ટ, અધિકારીઓ માટે બે લિફ્ટ અને ત્રણ દાદરની વ્યવસ્થા કરવામાં આવી છે.

દિવ્યાંગજનો સહિત તમામ નાગરિકો સરળતાથી અવરજવર કરી શકે તેવી સુલભ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

વાપીના જે ટાઈપ અંડરબ્રિજ ૬ નવે. સુધી બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૨ : વાપીના જે ટાઈપ મોટા રેલવે અંડરબ્રિજથી જીઆઈડીસી હાઈવે તરફ જતો માર્ગ રેલવે બ્રિજની કામગીરીને કારણે આગામી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી બંધ રાખવામાં આવ્યો છે. આ માર્ગ બંધ રહેતા આજે વાપીના નવા રેલવે અંડરબ્રિજ (જે ટાઈપ) પાસે વાપી ટાઉન તરફ તેમજ જે ટાઈપથી ગીતાનગર તરફ જતા માર્ગ ઉપર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. માર્ગ બંધ હોવાને કારણે વાહનવ્યવહારનો ભાર વૈકલ્પિક માર્ગો પર વધ્યો છે, જેના પગલે ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિકજામના કારણે વાહનચાલકોને લાંબો સમય અટવાઈ રહેવાની નોબત આવી હતી.

ધરમપુરમાં ગાંજા કેસમાં મહિલાને ૧૦ વર્ષની કેદ, રૂ. ૧ લાખનો દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : સાત વર્ષ અગાઉ વલસાડ જિલ્લા એસ.ઓ.જી. પોલીસની ટીમને મળેલી બાતમી આધારે ધરમપુર વાલોડ ફળીયા બાતમી આધારે છાપો મારતા ૧.૬૬૮ કિલોગ્રામ ગાંજા સાથે પકડાઈ ગયેલી મહિલા ગયેલી મહિલાનો કેસ વલસાડની કોર્ટમાં કેસ ચાલતા મહિલા આરોપીને વલસાડની કોર્ટે ૧૦ વર્ષની સખત કેદ અને ૧ લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે. દંડ નહિ ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા ફટકારી છે. વલસાડ એસ.ઓ.જી.ના પીએસઆઈ એ એન ગોહિલ તેમની ટીમ ધરમપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન દરમિયાન મળેલી બાતમી મળી કે આસુરા ચારરસ્તાથી ધરમપુર ટાઉનમાં જવાના રસ્તે આવેલ વાલોડ ફળીયામાં રહેતી સમીમબીબી ગુલામમીયા હુસેનમીયા શેખ (ઉ.વ. ૫૩) પોતાના ઘરે ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી છૂટક વેચાણ કરે છે. પોલીસ ટીમે મહિલાના ઘરે છાપો મારતા મકાનના બેડરૂમમાં સંતાડેલી પ્લાસ્ટિકની થેલીમાં છૂટો ગાંજો, ગાંજો ભરેલી ૧૯ નંગ પ્લાસ્ટિકની નાની પડીઓ તથા મોબાઈલ ફોન કિંમત ૫૦૦૦ રૂપિયા ૨૨૦ રૂપિયા મળી આવ્યા હતા. સ્થળ પર એફ.એસ.એલ. ઈન્ચાર્જ સાયન્ટિફિક ઓફિસર એ.ડી. પટેલ અને ફોટોગ્રાફર સંજયભાઈ રામુભાઈ પટેલની પ્રાથમિક તપાસમાં મળેલ પદાર્થ આછા લીલાશ પડતા પાંદડા, ડાળખા અને વિશિષ્ટ વાસવાળો વનસ્પતિજન્ય ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું.

પોલીસને ગાંજાનું વજન ૧.૬૬૮ કિલોગ્રામ ગાંજો કિંમત રૂ ૧૬,૬૮૦ મળી કુલ ૨૧,૯૦૦ ના મુદ્દા માલ સાથે સમીમબીબી ગુલામમીયા હુસેનમીયા શેખ ની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછમાં આરોપી મહિલાએ જણાવ્યું હતું કે આ ગાંજાનો જથ્થો શિવા (રહે. વાપી) નામના શખ્સે બે દિવસ પહેલા બે કિલોના પેકિંગમાં તેના ઘરે આપ્યો હતો, જેમાંથી તે પડીઓ બનાવીને છૂટક વેચાણ કરતી હતી. જે અંગે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કેસની સુનાવણી ચોથા અધિક જિલ્લા ન્યાયાધીશ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. કેસમાં સરકાર તરફથી એ.જી.પી. ભરત પ્રજાપતિએ ધારદાર દલીલો રજૂ કરી હતી, જેને ન્યાયાલયે ગ્રાહ્ય રાખી NDPS Act ની કલમ ૨૦(બી)(ii)(બી) હેઠળ આરોપી સમીમબીબી ગુલામમીયા હુસેનમીયા શેખ ને દોષિત ફેરવી તેને દસ વર્ષની સખત કેદની સજા અને એક લાખ રૂપિયા નો દંડ ભરવો દંડ નહિ ભરે તો વધુ છ મહિનાની સાદી કેદ ભોગવવા ની સજા ફટકારી છે.







OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**